## પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન



# અધરામૃતની મહાપ્રસાદી પાતલ



## સંકલન-૨

પ્રેષક:

**શ્રીવલ્લભ વિઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ**
C/o. ચિરાગ લેબોરેટરી, શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર
સ્ટેશન રોડ, આણંદ ૩૮૮ ૦૦૧
સંપર્ક: ૦૨૬૯૨-૨૫૪૦૪૬, મો. ૯૮૨૫૮૯૮૭૨૦

## શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી કહી રહ્યા છે

तत्त्वं विदित्वा परमं यशोदोत्संगलालितम् ।
श्रीमदाचार्यतत्पुत्रान् हित्वाऽस्मत्स्वामिनीरपि ॥ १४ ॥
तत्तुल्यबुद्धया नाश: स्यात्सर्वथेति विनिश्च: ।
एतावती सती शिक्षा संक्षिप्ता ध्रियतां हृदि ॥ १५ ॥

शब्दार्थ: श्रीयशोदाजीके उत्संगमें लालित श्रीकृष्णकों परम तत्व जानिकें तथा श्रीमदाचार्यजी..............................................हृदयमें धारण करनी ॥ १४ ॥ ॥ १५ ॥- श्रीहरिरायजी कृत बडेशिक्षापत्र १८

**टीका: वैष्णव भगवत्सेवा करेऔर यह चारों पदार्थोंकों परम तत्व जाने।.....** श्रीयशोदोत्संगलालित श्रीकृष्णकों परम तत्व जानें, तातें अन्य अथवा सोअन्य ऐसें जोकहेतिनकों आसुर जाननेया भांति प्रथम तत्व श्रीयशोदोत्संगलालित, श्रीआचार्यजी महाप्रभु दूसरोतत्व, श्रीगुसांईजी (श्रीविठ्ठलनाथजी) तृतीय तत्व, अस्मत्स्वामिनीजी (व्रजभक्त) चतुर्थ तत्व, यह परम तत्व अपनेमनमें जानें ॥१४॥ **ऊपर कहेचारों तत्व श्रीकृष्ण, श्रीआचार्यजी, श्रीगुसांईजी, श्रीस्वामिनीजी समान लौकिकमें काहूकां जानेइनकोशीघ्र ही नाश होय, वाकों असूर जाननो।.....**

श्री टीकाकार श्री गोपेश्वरजी कृत

ટીકાકાર શ્રીગોપેશ્વરજી જણાવે છે કે વૈષ્ણવ ભગવત્સેવા કરે અને શ્રીઠાકોરજી, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા વ્રજભક્તો આ ચારેને પરમતત્વ મનમાં જાણે અને તેના બરાબર લૌકિકમાં કોઈને જાણે નહિં. (જે આ પરમતત્વ બરાબર લૌકિકમાં સરખામણી કરશે) તેનો શીઘ્ર નાશ થશે (અને જે કોઈ આવું કરે કે કહે) **તેને અસૂર જાણવો.**

**શ્રીના અસીમકૃપા વૈષ્ણવજન,**

અધરામૃતની મહાપ્રસાદી પાતળ, સંકલન-૧. આપને પરોસ્યા પછી આપના તરફથી મળેલા અભિપ્રાય પ્રતિભાવ અને આગ્રહને ભગવદ્ ઈચ્છા સમજી **શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ-આણંદ** આ સાથે સંકલન-૨ દ્વારા બીજી પાતળ પરોસી રહ્યું છે.

**એક ક્વિદંતી પ્રમાણે** શ્રી ઠાકોરજીની ઈચ્છાને માન આપી વ્રજભક્તોએ ઈન્દ્રયાગ બંધ કરી શ્રી ગિરીરાજજીને ગોવર્ધન યાગ અન્નકોટ રૂપે ધરવાનો મનોરથ કર્યો. બધા વ્રજભક્તો પોત-પોતાના ઘરેથી ગાડાઓ ભરી ભરીને સામગ્રી પધરાવતા હતા. શ્રી ગોવર્ધનનાથજી સ્વરૂપે શ્રી ગિરીરાજજી પ્રકટ સ્વરૂપે દર્શન આપી ચારે ભૂજા પ્રસારી અરોગતા હતા. વ્રજભક્તો નો સામગ્રી પધરાવવાનો ઉત્સાહ વધતો જતો હતો. શ્રી ગિરીરાજજીને પ્રસન્ન વદને અરોગતા જોઈને વ્રજભક્તો વધુ સામગ્રી પધરાવવા પોતાનાં સગા સંબંધીઓને ઈશારો કરી કહેતા, **'આની-ઓર' 'આન-ઓર' 'આન-ઓર'** ચારે દિશાઓમાંથી એક જ નાદ ઉઠતો સંભળાતો હતો. કહેવાય છે કે એ જગ્યા, એ આપણું **આજનું આન્યોર ગામ.**

અમારો મનોરથ એ જ છે કે આપણા સૌ માં બ્રહ્મસંબંધ દ્વારા આપણામાં સ્થાપિત કરેલી **'પુષ્ટિ અસ્મિતા' જાગૃત થાય** શ્રી દયારામભાઈની વાણીમાં સમજાવેલ એજ ભાવ 'અમે તો રાજનાં ખાસા ખવાસ' તે દ્રઢ થાય અને તે ભાવને વધુને વધુ પોષણ આપતો સત્સંગ જાણવાની માણવાની આપણી ભૂખ વધે અને અમને વધુને વધુ આવી મહાપ્રસાદી પાતળ તૈયાર કરવાની પ્રેરણા મળતી રહે. તમારો **આન-ઓર આન-ઓરનો પ્રતિભાવ જ વધુ સામગ્રી સિદ્ધ કરવામાં કારણભૂત બની શકે છે.** આશા છે કે આપ સૌ દ્વારાં અમારા મંડળને માર્ગદર્શન સૂચન મળે જેથી રસસભર વધુને વધુ સામગ્રી સંકલન-૩માં પરોસવાની અમારામાં તાકાત આવે.

**પુષ્ટિ અસ્મિતા એ અભિમાન નથી પરંતુ આપણે સૌ પુષ્ટિ સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી દ્વારા બ્રહ્મસંબંધી જીવ છીયે તેવી સાચી સમજણ દ્રઢ થાય અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને જ આચરણમાં મૂકીયે તે માટેની જાગૃત અવસ્થા છે.**

સંપ્રદાયમાં આપણામાં આવતી સાચી સમજણ એટલે શ્રીમહાપ્રભુજીએ જણાવેલ **અસમર્પિતનો ત્યાગ અને ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ** નું સમજણ ભરેલું આચરણ.

આ મહાપ્રસાદી પાતળ આપણને સૌને એ પોષણ આપે જે દ્વારા ભગવત્પ્રીત્યર્થે **પોતાનાં જ ઘરમાં, પોતાનાં જ દ્રવ્યથી, પોતાનાં જ શ્રી ઠાકોરજીની** સેવા કરવામાં આપણી નિષ્ઠા દ્રઢ થાય.

**- શેષ ભગવદ્ ઈચ્છા**

[illegible] વિજય સિધ્ધાંત જ્ઞાનપ્રચાર મંડળ
સત્સંગ [illegible]
શુભ લક્ષ્મી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ,
આણંદ. ☎ : (૦૨૬૯૨) ૨૫૪૦૪૬
બુધવાર - રવિવાર - (૪ થી ૬ સાંજના)
ન્યોછાવર : નિ:શુલ્ક વિતરણાર્થ
(વાંચો-વંચાવો-સત્સંગ)



# મહાપ્રસાદની કણિકા

સત્સંગ એટલે શું? .................... ૧
જાણકારી - સંપ્રદાયમાં .................... ૧૦
(A) આચાર વિચારની જાણકારી .................... ૧૦
(B) શ્રીમહાપ્રભુજીના મતે બ્રહ્મસંબંધી જીવનું કર્તવ્ય .......... ૧૩
(C) સંપ્રદાય અંતર્ગત ગૃહસેવા, દાસધર્મ, અપરસ વગેરેનો વિચાર .................... ૧૯
(D) સાંપ્રદાયિક શબ્દોની સમજણ .................... ૨૬
  (૧) સામગ્રી એટલે શું? .................... ૨૬
  (૨) પ્રસાદ એટલે શું? .................... ૨૯
  (૩) અધરામૃત .................... ૩૩
  (૪) અર્ધભુકત .................... ૩૭
  (૫) જુઠણનો પ્રકાર .................... ૪૧
દેવદ્રવ્ય અને તેનો પ્રકાર .................... ૪૪

* * *

**આ સંકલન - ૨ માં નીચે જણાવેલ ગ્રંથોની સહાયતા લીધી છે.**
સંપ્રદાયના સાહિત્યમાંથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરેના ગ્રંથો, સિધ્ધાંતવચનાવલી અને અમૃતવચનાવલી (સંયુકત પ્રકાશન-મુંબઈ-હાલોલ-માંડવી,) પૂ.પા. ગો. શ્રીશ્યામમનોહરજીના, પૂ.પા. ગો. શરદબાવાના (માંડવી, હાલોલ) વચનામૃતોનું સંકલન છે.

**નોંધ: અમારા જીવ સ્વભાવથી જે કાંઈ દોષ સંકલનમાં રહી ગયો હોય તો અમારું ધ્યાન દોરવા વિનંતી...**

# સત્સંગ એટલે શું?

ઉપરનો પ્રશ્ન શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં સત્સંગ એટલે. શું? અહીંયા વિચારવાનું એ છે કે, આપણે જે કરીયે છીયે - જે કહીએ છીએ - જે જાણીએ છીએ - શું તે બધું સત્સંગ છે કે નહીં? તે જુદી જુદી રીતથી સમજવાનો પ્રયાસ અહીંયા કરીશું અને **ત્યારબાદ ઉપરના પ્રશ્નનો જવાબ આપણે જાતે જ શોધી લઈશું.**

બ્રહ્મસંબંધી જીવને શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જીવે સેવા - સ્મરણ સાથે સત્સંગનો પ્રકાર અનોસરમાં રાખવો **(અનોસર એટલે એવો સમય જ્યારે સન્મુખ સેવાનો અવસર નથી તે),** માટે નવરત્ન ગ્રંથમાં આપશ્રી આજ્ઞા કરે છે *નિવેદનં તું સ્મર્તવ્યં સર્વથા.....* આપશ્રી પોતે પણ દિવસનાં અને રાત્રિનાં અનોસરના સમયમાં વૈષ્ણવો સાથે સત્સંગ કરતા. માટે જ આપશ્રીની વધાઈના પદમાં આવે છે 'ભોજન કર વિશ્રામ છીનક લે નિજ મંડલી જુ બુલાઈ, વેણુગીત પુનિ યુગલગીતકી રસ બરખા બરખાઈ, પ્રગટ વ્હે મારગ રીત દીખાઈ......' (પુનિ શબ્દનો અર્થ થાય છે પુનઃ વારંવાર). ઘણી ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં, નિજવાર્તા ઘરુવાર્તામાં આવે છે કે આપશ્રી મોડી રાત્રિના સમય સુધી વૈષ્ણવો સાથે સત્સંગ કરતા અને રસમગ્ન રહેતા. આવો જ ક્રમ શ્રીગુસાંઈજીનો - શ્રીગોકુળનાથજીનો, શ્રીહરિરાયજી - શ્રીપુરુષોત્તમજી વિ. નો સંપ્રદાયમાં નોંધાયેલો જોવા મળે છે.

શ્રીમહાપ્રભુજી આપણને જણાવે છે - *'શાસ્ત્રં અવગત્યમ્ મનૌવાગ દૈહેહી શ્રીકૃષ્ણઃ સેવ્ય' - પઠનીય પ્રયત્નેન....* વિગેરે આજ્ઞા શાસ્ત્રોને સમજવા માટે અને જાણકારી માટે જણાવે છે. તે જાણકારીને જીવનમાં સેવા સાથે કેમ ઉતારવી તે સત્સંગનાં રૂપે જણાવે છે. શ્રીમહાપ્રભુજી - શ્રીગોપીનાથજી - શ્રીગુસાંઈજીનાં ગ્રંથો ઉપર અન્ય વિદ્વાનોની ટીકા - પ્રકાશ - વિવરણ એ આ સત્સંગનો જ પ્રકાર છે.

**સત્સંગનો મુખ્ય હેતુ** (૧) શ્રીઠાકોરજીને, શ્રીમહાપ્રભુજીને શું પ્રિય છે શું અપ્રિય છે તેનો વિચાર કરવાનો. (૨) ગ્રંથો-શાસ્ત્રો સાથે એકવાક્યતા કરવાનો. (૩) ૮૪-૨૫૨ વૈષ્ણવોએ પોતાનાં જીવનમાં આ બધું કેવી રીતે

વણી લીધું તે સમજાવવાનો અને વિચારવાનો (૪) વૈષ્ણવ માટે શું કર્તવ્ય છે? શું આ કર્તવ્ય છે? તે વિચારવાનો અને (૫) તે કેવી રીતે આચરણમાં મૂકાય તે સમજાવવાનો હોવો જોઈએ. **નહિ કે........ (૧) સત્સંગમાં પોતાને લૌકિક શું લાભ થાય છે? (૨) પોતાની ગામમાં વાહ વાહ થાય છે કે નહિં? (૩) સત્સંગથી બિઝનેસ કોન્ટેકટ વધશે એવો સ્વાર્થયુકત વિચાર, (૪) ગામમાં બધાં પોતાને તાદશી વૈષ્ણવ, ભગવદીય બાપા, ભગવદીય બા વગેરે કહે તે. આવા લૌકિક હેતુવાળો, સત્સંગ થવો ન જોઈએ અને સાંભળવા પણ ન જવું જોઈએ.**

શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં સમજાવે છે કે વૈષ્ણવે સત્સંગ વગર ક્ષણ પણ ન રહેવું જોઈએ. દુઃસંગ તો સહજમાં મળી જાય છે, બગાડ થવો સહેલો છે સુધરવા માટે દ્રઢતા-વૈરાગ્યતા -દીનતા વગેરે કેળવવા પડે છે. આ બધુ સમજાય અને દ્રઢ થાય માટે સત્સંગ હોવો જરૂરી છે. **સત્સંગ સમર્પિત જીવ માટે જીવન નિર્વાહનું કામ કરે છે.**

**પ્રસંગ - ૧:** ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૨૫૦ ચતુર્ભુજદાસની વાર્તામાં એકવાર શ્રીનાથજી, કુંભનદાસજી સાથે વાતો કરી રહ્યા છે. કુંભનદાસજીને ચિંતિત જોઈ - ઉદાસ જોઈ શ્રીનાથજી પૂછે છે 'કુંભના તું ઉદાસ કેમ છે?' કુંભનદાસજીએ કહ્યું કે 'મહારાજ! આપ અતિ પ્રસન્નતાથી દર્શન આપો છો પણ **મને સત્સંગ નથી** - સત્સંગ કરવાવાળો કોઈ નથી - તેથી મન ઉદાસ રહે છે - એક સત્સંગી પુત્ર હોય તેવું ઈચ્છું છું. સાક્ષાત શ્રીનાથજી દર્શન આપવા ખેતરમાં પધારે છે - સાક્ષાત શ્રીનાથજીની લીલાનાં દર્શન થાય છે જેના કીર્તન તેઓ કરે છે **તેવા કુંભનદાસજીને પણ સત્સંગની જરૂર છે.**

**પ્રસંગ - ૨:** ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૮૧માં, શ્રીગુસાંઈજી એક વૈષ્ણવને પૂછે છે 'તારો નિર્વાહ કેવી રીતે ચાલે છે?' તેમણે જવાબમાં ખેતર છે - વ્યાપાર છે - દલાલી કરું છું એમ નથી જણાવ્યું - પણ પ્રત્યુત્તરમાં જણાવ્યું છે 'મહારાજ ! આપે મને ગામ બહાર જે ઝાડ નીચે બ્રહ્મસંબંધ આપ્યું હતું - મેં માન્યું કે મારી સાથે તે ઝાડ પણ બ્રહ્મસંબંધી વૈષ્ણવ થયું છે - અનોસરમાં તેની પાસે બેસીને **રોજ સત્સંગ કરું છું આ રીતે જીવન નિર્વાહ કરું છું**. આવા અનેક વાર્તા પ્રસંગો સંપ્રદાયમાં છે.

આમ **સત્સંગ એ જીવન નિર્વાહ હોવાથી** વૈષ્ણવોએ આત્માને પોષણ આપવા, શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી દ્વારા સમજાવેલ સિધ્ધાંતો, તેમના ૮૪-૨૫૨ વૈષ્ણવોએ જીવનમાં આ બધું કેવી રીતે ઉતાર્યું? આપણે શું કરવાનું છે? જેના ફલસ્વરૂપે આપણી ભગવદાસક્તિ વધે અને સંસારાસક્તિ ઘટે, તે સત્સંગ દ્વારા સમજવાનું છે અને સમજાવવાનું છે. આમ **સત્સંગ કરવાથી આપણામાં શું વધે છે ભગવદાસક્તિ કે સંસારાસક્તિ? તે સત્સંગને માપવાનો માપદંડ બની રહે છે.**

☞ **વિચારણીય પ્રસંગઃ** એક વાર ગુજરાતનાં એક શહેરમાં સત્સંગ માટે જવાનું થયું. જ્યાં છેલ્લા દસ વર્ષથી સત્સંગ થતો હતો. લગભગ ૮૦ થી ૧૦૦ જેટલા વૈષ્ણવો હતા. **કોઈ વૈષ્ણવનાં,** કીર્તનનાં રૂપે બનાવેલા જોડકણાં - ગાતા હતા. સત્સંગમાં જણાવ્યું, ભલે શબ્દો પુષ્ટિમાર્ગનાં હોય પણ **ભાવ તો** જોડકણાં બનાવનાર **સંસારાસકતનો હોય** તો આવા પદો ગાવાથી, તેમાંજ રચ્યા પચ્યા રહેવાથી સંસારાસક્તિ જ વધે ભગવદાસક્તિ ન વધે. માટે આવા પદો-કવિતા ન ગવાય તે જણાવ્યું. તેમને ઉદાહરણ રૂપે સૂરદાસજીના પદનો પ્રસંગ જણાવ્યો.

### રાજા અકબર - બિરબલનો પ્રસંગ સૂરદાસજીનાં પદો માટે

સૂરદાસજીનાં મેળાપ પછી, રાજા અકબરને સૂરદાસજીનાં પદો ભેગા કરવા, એવો મનોરથ થયો. જે નવા પદો સૂરદાસજીનાં તેમનાં સંગ્રહ માટે લાવે તેને એક સોનામહોર અપાતી. આ જોઈને ઘણાં **'દ્રવ્ય લાલચું કવિઓ'** પોતે પદ લખતા નીચે સૂરદાસની છાપ લગાવતા અને રાજાને પદ સંભળાવી સોનામહોર લઈ જતા. બિરબલને ખ્યાલ આવી જતો કે આ પદો સૂરદાસજીનાં નથી પરંતુ સોનામહોરની લાલચમાં લખાયેલા છે. પણ તેને કેવી રીતે છૂટા પાડવા કે ચકાસવા તે સમજાતું નહોતું.

બિરબલે રાજા અકબરને વાત કરી, રાજાએ કહ્યું 'એક પાણી ભરેલી પરાંત (તાંબા કુંડી) મંગાવો તેમાં એ પદ લખેલો કાગળ મૂકો, જો **'કાગળ પાણી ઉપર તરે તો સૂરદાસજીનું પદ છે અને પાણીમાં ડૂબે તો સૂરદાસજીનું પદ નથી'** એક પછી એક કાગળ મૂકયા, જેટલા કવિઓએ દ્રવ્યની લાલચમાં સૂરદાસજીની છાપ વાળા પદો લખ્યા હતા તે કાગળ ડૂબતા હતા અને સૂરદાસજીનાં સાચા પદો પાણી ઉપર તરતા હતા.

રાજાઅકબરે જણાવ્યું કે **'સૂરદાસજીનાં પદ ગાવાથી સંસાર સાગર તરી જવાશે - અન્યનાં ગાવાથી ડૂબી જવાશે ભલેને તેમાં છાપ સૂરદાસજીની હોય'. આવી બુધ્ધિ શુદ્ધતાતો એ મ્લેચ્છ રાજાની હતી.**

**સાર ગ્રહણઃ** આજે આપણે **જેનાં તેનાં** બનાવેલાં જોડકણાં જાહેરમાં પદોની જેમ ગાઈને આનંદ માણીયે છીયે. તેમાં પદ બનાવનાર જો લૌકિક ભાવ વાળો હોય - પોતાની વાહવાહ માટે - સમાજમાં ખાસ કૃપાપાત્ર છે - તેવું બતાવવા વાળો હોય. ભલેને પદમાં 'અલૌકિક શબ્દો' હોય તો **પણ તેમાં ઉપર જણાવેલ** લૌકિક ભાવ રહેલા હોવાને કારણે આપણામાં સંસારાસક્તિ જ વધારશે, ભગવદાસક્તિ નહીં. તેના **ફલસ્વરૂપે આ સંસાર સાગરમાં જ ડૂબેલા જ રહીશું.** (સમાજમાં ભલે ગમે તેટલા આગળ પડતા હોય, 'પ.ભ.', 'શ્રીમહાપ્રભુના ખાસ કૃપાપાત્ર', 'સાક્ષાત ભગવદીય' કે અન્ય ઉપનામથી ઓળખાતા હોય તેમનો સંગ દુઃસંગ બની જશે.)

*૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૧૯, દ્દિનકરદાસ મુકુંદદાસનાં પ્રસંગ-૧ના ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે ***'તાતે જાકે મુખસો સુનિયે તાકી જૂઠન કર્ણ દ્વારા હૃદય મેં રસ જાય - અન્યાશ્રયી કો* (સંસારાસકત જીવનું) *જૂઠો હૃદય મેં ગયે શ્રીઆચાર્યજીકૌ આશ્રય દ્રઢ ન હોઈ'.***

**૮૪-૨૫૨ વૈષ્ણવો, દયારામભાઈ જેવા અનન્ય સમર્પિત વૈષ્ણવ વિગેરે ભગવદીય કક્ષાનાં ગણાય** કેમકે તેમણે જીવન શુદ્ધ ભગવદાસકત થઈને જીવ્યું હતું, માટે તેમનાં પદો ગાવાથી સંસારાસક્તિ નહીં વધે. જયારે આજનાં, સંસારાસક્ત જીવો, જેમનું આચરણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા વિરુદ્ધનું છે તેના બનાવેલા જોડકણાં (ભલે તે **છંદોમાં કે ઢાળમાં કે સંસ્કૃતમાં** પણ બનાવેલા હોય) ગાવાથી ભગવત્સ્વરૂપ વિમુખ જ થવાશે. અને જો આ જોડકણાં બનાવનાર શુદ્ધ સાંસારિક હશે, સંસારાસકત હશે લાભપૂજારીની વૃત્તિવાળો હશે અને પોતાની વાહવાાહ માટે, પદો લખતો હશે તો **ફલસ્વરૂપે બન્ને ને (રચનાર અને ગાનારને) સંસારાસક્તિ જ મળશે.**

આ પ્રસંગ સંભળાવ્યો તેમને ગળે ઉતર્યું કે નહીં તે તો ભગવાન જાણે પછી બીજો સત્સંગ કર્યો. છેલ્લે જોયું તો બધાને માટે પ્રસાદ રૂપે દહીંવડા-સેવપુરી-વિ. નાસ્તા માટે આવ્યા અને પછી આઈસ્ક્રીમ આવ્યો.

દરેકનાં મોંઢા ઉપરનો ભાવ 'આની જ રાહ જોવાતી હતી' તેવો દેખાતો હતો. મેં પૂછ્યું 'આ ઠાકોરજીને ધરેલું છે?' તેમણે કહ્યું 'બધું બહારનું છે પણ ચરણામૃત પધરાવેલું છે - સન્મુખ કરીને, આજ્ઞા છે માટે લઈયે છીયે' વિગેરે અસંગત જવાબ આપ્યા. **આવો દસ વર્ષથી સત્સંગ થતો હોય જેમાં આવા સંસારાસકત વ્યકિતના રચેલા જોડકણાં વાળા પદો ગાઈએ - એવા જ ભાવ વાળી વ્યક્તિનો લખેલો સત્સંગ કરીયે તો ફલ સ્વરૂપે સંસારાસક્તિ જ મળવાની.**

આ વાત શ્રીમંહાપ્રભુજી - **જલભેદ ગ્રંથમાં** બ્રહ્મસંબંધી જીવોને **કોનો સત્સંગ કરવો જોઈએ તેમાં સમજાવે છે**. જલ એટલે પાણી, આપણાં જીવન જીવવા માટે અગત્યનું છે. જે શરીરની બધીજ ક્રિયામાં મહત્વનો ભાગ ભજવે છે - **તેવું જ સત્સંગ** (સાચા-સારા સંગ) માટે વિચારવું અને સમજવું. કોની પાસે બેસીને સાંભળવું? કેમકે જેનું સાંભળીયે છીયે તે વાકયો - કાન (ઈન્દ્રિયો) દ્વારા હૃદયમાં જાય છે - આમ જેનું **'જૂઠણ'*** સત્સંગ રૂપે આપણે લઈયે છીયે - તેનો જ પ્રભાવ આપણા ઉપર અને આપણાં જીવનમાં પડે છે. (* જુઓ પાનું ૪)

આ જ અર્થમાં, **જલભેદ ગ્રંથ અંતર્ગત** આ વાત શ્રોતાઓને (સત્સંગી-સાંભળનારાઓને) શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે, કે કોનું સાંભળવું અથવા વકતા - કહેનાર કેવો હોવો જોઈએ? તેની ચકાસણી કરવી. **એટલેકે સાંભળવા જનારે વકતાને ચકાસવા.** તેવી સ્પષ્ટ આજ્ઞા શ્રીમહાપ્રભુજીની છે. **(આ જ વાત આંખ-જીભ-ચામડી ઈન્દ્રિયો માટે પણ વિચારવાની છે. કેમકે તે શરીરને જુદી જુદી રીતે પોષણ જ આપે છે.)**

**જો વકતા, સત્સંગ કહેનારો** ♣ (૧) શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન ન કરતો હોય તો (૨) *ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃ* ન પાળતો હોય એટલે કે પોતાના ઘરમાં, પોતાના દ્રવ્યથી પોતે સેવા ન કરતો હોય (૩) શાસ્ત્ર વિરુધ્ધ જીવન જીવતો હોય, (૪) શ્રીભાગવત-શ્રીઠાકોરજી-શ્રીયમુનાજીનો ઉપયોગ દ્રવ્ય ઉપાર્જનાર્થે કરતો હોય (૫) લાભ પૂજાર્થ યત્નેષુ વાળી ભકિત કરતો હોય (૬) દેવદ્રવ્યનો કે ગુરુદ્રવ્યનો (સમજણ માટે જુઓ પાનું ૪૪ થી ૫૪) ઉપયોગ કરી જીવન જીવતો હોય.

(૭) શ્રીગુસાંઈજીની આજ્ઞા વિરુધ્ધ મનોરથો ઠાકોરજીને ભેગા કરીને જાહેરમાં કરતો હોય કે કરાવતો હોય વિગેરે વિગેરે આવા કોઈપણ વિરુધ્ધ કાર્યો શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં કરતો હોય, **તો તેનો સંગ દુઃસંગ છે.**

**જલભેદગ્રંથમાં,** શ્રીમહાપ્રભુજી સત્સંગ સાંભળનાર શ્રોતાઓને, સત્સંગ કરાવનાર વકતાના ભાવને, જલનાં જુદા જુદા પ્રકાર સાથે, સરખાવીને સમજાવે છે કે, **કેવું જલ ગ્રાહ્ય છે કેવું અગ્રાહ્ય છે** તેવું જ સત્સંગનું સમજવું. તેવું ટીકાકારો સમજાવે છે.

**અર્થાતઃ** (૧) **જેમ** જીવન જીવવા જલની જરૂરત છે **તેમ** ભક્તિ ને પોષણ મળે માટે સંપ્રદાયમાં સત્સંગની જરૂર છે. (૨) **જેમ** પાણી શુધ્ધ હોવુ જરૂરી છે **તેમ** સત્સંગ શુધ્ધ હોવો જરૂરી છે. (૩) **જેમ** પાણી જ્યાં પડ્યું છે અથવા જ્યાંથી વહે છે અથવા જ્યાંથી આવે છે, ત્યાંનાં ગુણદોષને તે પાણી ધારણ કરે છે. માટે ઉપયોગમાં લેતા પહેલા વિચારવું જોઈએ. **ઉદાહરણ રૂપે જોઈએ,** કૂવાનું પાણી ચોખ્ખું હોય પણ ખેતરમાં કયારામાં વહે છે ત્યારે તે માટીનાં - ખાતરનાં ગુણ-દોષ વાળું બને છે. **તેવું** જ સત્સંગ કરાવનાર વકતાનું છે એમ શ્રીમહાપ્રભુજી જણાવે છે. (૪) **જેમાં** પાણી લાવવામાં આવે છે - તે પાત્રના ગુણ-દોષોને તે પાણી ધારણ કરે છે. (ઉદાહરણ રૂપે તાંબાના ઘડામા રહેલા પાણીમાં તામ્રતત્વ આવી જાય છે - માટીનાં પાત્રમાં માટીની સુગંધ, ઠંડક વિગેરે આવી જાય છે.) **તેવી રીતે** સત્સંગ કયા પાત્રમાં (કહેનારમાં) ભરેલો છે અર્થાત્ તે બ્રહ્મસંબંધી છે કે નહિં? - તે શ્રીમહાપ્રભુજીનાં કહ્યા પ્રમાણે જીવન જીવે છે કે નહિં? તેની ખાતરી કર્યા પછી સત્સંગ થાય. (♣ ઉપરના સાત પ્રકારે) **શ્રોતાઓએ વકતાને તપાસીને સત્સંગ કરવો, તેમ જલભેદગ્રંથના ટીકાકારો શ્રીમહાપ્રભુજીનો વિચાર જણાવે છે.**

વકતા ભાવવાહી વાણી વાપરીને અશ્રુપાત સાથે - શ્રોતાઓને ભાવવિભોર કરીને રડાવી શકતો હોય ઉદાહરણો ખૂબ આપી સમજાવી શકતો હોય અર્થાત્ બહુ જ ચતુર હોય - 'હે વલ્લભ' 'હે વલ્લભ' 'મારા લાલન' - 'મારા બાલુડા' 'હે યમુનામહારાણી' જેવા શબ્દોનાં પ્રયોગો વારંવાર કરી, ભાવાત્મક વાતો કરી, દંભ કરતો હોય - તેવાઓને ચકાસવા

માટે **સાંભળવા જનારે**, વકતાને ચકાસવા **ઉપર જણાવેલ ♣ સાત વિધાનો** માપ-દંડ રૂપે વાપરવાનું શ્રીહરિરાયજી તેમના ગ્રંથમાં કહે છે.

**આ બધું શ્રોતાએ વિચારવાનું છે કે, વકતા - સત્સંગ કરાવનાર, જો ઉપર જણાવેલ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન ન કરતો હોય, તે પ્રમાણે જીવન જીવતો ન હોય તો તેવી વ્યક્તિનો સત્સંગ દુઃસંગ છે માટે સંભળાય નહિં.**

☞ **વિચારણીયઃ** એક ઉદાહરણ જોઈશું - સમજીશું તેથી ખ્યાલ આવી જશે. આજે દરેક શહેરોમાં કે ગામોમાં મકાનો થઈ ગયા છે જેમાં રહેવાની જુદી જુદી વ્યવસ્થા હોય છે. **દરેક રૂમમાં પાણીનો પૂરવઠો અગાશીમાં મૂકેલી ટાંકીમાંથી રસોડામાં, બાથરૂમમાં, બેઝીનમાં-સંડાસમાં વગેરે જગ્યાએ આવતો હોય છે.** એટલેકે, પાણી ઉપરની એકજ ટાંકીમાંથી દરેક જગ્યાએ આવતું હોય છે.

માટલામાં પીવાનું પાણી મોટે ભાગે રસોડાના નળમાંથી, ભરવાનો આગ્રહ રખાય છે. જેમની પાસે સગવડ હોય તે - પાણીને શુદ્ધ કરવાના સાધનો (એક્વાગાર્ડ જેવા) વાપરી શુદ્ધ કરીને રસોડામાં જ પાણી ભરતા હોય છે. આજ પાણી રસોઈમાં અને પીવામાં વપરાતું હોય છે. હવે વિચારીયે, સંડાસમાં પણ એ જ પાણી આવે છે તો શું ? (૧) પાણી સંડાસમાં જઈને પીવાય ખરૂં? (૨) સંડાસમાં - પાણીને શુદ્ધ કરવાનું સાધન મૂકીને તે પાણી પીવાય ખરૂં? (૩) સંડાસમાં જે ટંબલર - (વાસણ) વપરાતું હોય તેનો ઉપયોગ માટલાના પાણીને પીવા થાય ખરો? જેમ આ પાણી અશુદ્ધ જગ્યા હોવાથી ન પીવાય **તેમ સત્સંગ માટે અને વકતા માટે** વિચારવું.

આ જ વાત ધર્મશાસ્ત્ર જલના જુદા જુદા પ્રકાર પાડીને બધા જલમાં રહેલા ભેદ બતાવે છે. **શ્રીમહાપ્રભુજી તે જ જલમાં રહેલા ભેદોના પ્રકારને** પોતાના વૈષ્ણવોને ચેતવણીરૂપે, **વક્તાના - સત્સંગ કરાવનારનાં** - જુદા જુદા પ્રકાર જલભેદ ગ્રંથ દ્વારા સમજાવે છે. જેથી કોનો સત્સંગ કરવો? તેની ચકાસણી સાંભળવા જનાર (શ્રોતા) કરી શકે અને વિચારી શકે. સત્સંગ કરાવનાર શુદ્ધ છે કે અશુદ્ધ? તેનો સત્સંગ, સત-સંગ છે કે દુઃસંગ? (જુઓ જલભેદ ગ્રંથની ટીકા)

# સંપ્રદાય સારગ્રહણ

(A) દરેક ઈન્દ્રિયોનાં પોષણ માટે, શ્રોતાનો આગ્રહ, સત્સંગના વકતા-કહેનારની, શુદ્ધતાનો હોવો જોઈએ.

(B) 'જેવું અન્ન તેવો ઓડકાર', 'જેવું અન્ન તેવું મન', 'જેવો આહા તેવો વિહાર', 'જેવા આચાર તેવા વિચાર'ને ધ્યાનમાં રાખ સત્સંગમાં ઉત્તમ શું? મધ્યમ શું? કનિષ્ટ શું? તેથી સત્સંગ કરી ત્યારે કોનો સત્સંગ કરવો તે વિવેક રાખવો જ પડશે.

(C) માટે અષ્ટસખાનાં પદો, અન્ય ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં પદો દયારામભાઈ જેવા બીજા જેઓ, શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંતો આચરણમાં મૂકી જીવન જીવતા હોય **તેમનાં પદો ગાવાથી, સત્સં કરવાથી ભગવદાસકત થવાય.** જયારે કવિ કે રચનાકા સંસારાસકત છે, તેના બનાવેલા પદો - જોડકણાં ગાવાથી બર્હિમુ જ થવાય.

(D) ઘણાં કહેતા હોય છે કે **'કોઈના દોષ ન જોવા'** જે થાય છે તે બ ઉત્તમ સમજીને સ્વીકારી લેવું. આવું કહેનારને, પૂછવાનું કે (૧ તમે કાંદા-લસણ-વિગેરે નિષેધ પદાર્થ ખાવ છો? કે તેમાં દો જુઓ છો? (૨) શાકભાજી સડેલા ખાવ છો? (૩) શું ખાવાન વસ્તુમાં દોષ નથી જોતા? બગડેલુ વાસી ખાવ છો? (૪) દોષવા કે ખરાબ હોય તે ભાગ કાઢતાં નથી? (૫) અનાજમાંથી કાંકરા કચરો વીણો છો કે નહિ?

આમ આ બધી વાતો દોષ જોવાની નથી, પરંતુ **સાચું જીવન જીવ માટે વિવેક રાખવાની** વાત છે. **જે શ્રીમહાપ્રભુજીએ જલભેદ ગ્રંથમ વકતાને ચકાસવા સમજાવી છે.**

હવે **'દોષ ન જોવાય'** તે કહેનાર સાચા? કે જલભેદ ગ્રંથમ શ્રીમહાપ્રભુજીએ કરેલી આજ્ઞા વકતાને ચકાસવા તે સાચી? **આપ વ્યક્તિગત રીતે વિચારવું પડશે.** સારરૂપે તો એ જ સમજાય છે કે દોષવા હોય તો, ન લેવું સારું કેમ કે તે ગ્રહણ કરવાથી આપણું અહિત જ થા છે.

☞ **વિચારણીય પ્રસંગઃ** એક બહેન (કાલ્પનિક નામ **સંજનાબેન**) એક ભાઈને (કાલ્પનિક નામ **ભરતભાઈ**) કહેતા હતા **‘અમુકવાર સત્સંગીઓ બધાનો દોષ જોતાં હોય છે અને વાતોમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીના સિદ્ધાંતોને આગળ કરી બધાનાં દોષ બતાવતાં હોય છે આવા દોષ જોવાથી તો બહિર્મુખ થવાય’.**

ભરતભાઈએ કહ્યું સંજનાબેન તમારી વાત ધારોકે સાચી છે એમ સમજી લઈએ તો (૧) શ્રીમહાપ્રભુજીના જલભેદ ગ્રંથની ટીકામાં ટીકાકારો એમ કહી રહ્યા છે કે જેનો સત્સંગ કરો તેમાં જલના જેટલા ભેદ બતાવ્યા છે તેની સરખામણી કરીને વિચારો કે તેમનો સત્સંગ કેવો છે? હવે તમે જ કહો ટીકાકારોની વાત માનવી કે તમારી વાત માનવી? (૨) શ્રીમહાપ્રભુજીની આજ્ઞા, **સાધન પ્રકરણમ્ ગ્રંથમાં સર્વ નિર્ણય કારિકા** - ૨૨૭ માં અને એજ વાત શ્રીગોપીનાથજી **સાધનદીપિકા કારિકા** - ૧૦ જણાવે છે કે, ***કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદીરહિતં નરમ્ । શ્રીભાગવત-તત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્ ॥***

આ કારિકા પર ટીકાકારો એમ કહી રહ્યા છે કે, બ્રહ્મસંબંધ લીધા પહેલાં સેવકે ગુરુને ચકાસવા જોઈએ કે તે દીક્ષાદાતા યોગ્ય છે કે નહિં? (આપણો એક જ એવો સંપ્રદાય છે જેમાં માર્ગનું સ્થાપન કરનાર આચાર્યો શિષ્યોને દીક્ષા લેતા પહેલાં **ગુરુનાં લક્ષણો તપાસવાનો આદેશ** આપે છે.) હકીકતમાં આ ટીકાનો અર્થ **દીક્ષા આપનારે** એવો લેવો જોઈએ કે અમારું જીવન, એવું હોવું જોઈએ કે જેમાં દોષ હોય જ નહિં **અર્થાત્ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણેનું જીવન હોય.** (આવો જ અર્થ **અસ્માત્ કુલમ્ નિષ્કલંકમ્** નો દીક્ષા આપનારે લેવો જોઈએ તેવો ટીકાકારનો ભાવ નીકળે છે.) (૩) શું આપણે ખાઈએ છીએ તેમાં બગડેલું, વાસી, કાંકરાવાળું, સડેલું વગેરે દોષો જોઈએ છીએ કે નહિં? કે દોષ જોયા વગર ખાઈ જઈએ છીએ? (૪) ‘સંજનાબેન, તમારી વાત કંઈક આવી છે તમે કહી રહ્યા છો કે, **‘કોઈના દોષ જોવાય નહિં’** જો એ વાત સાચી છે તો શું કામ તમે, **‘એ લોકો દોષ જુએ છે** એવું કહીને એમનો દોષ તમે

જુઓ છો?’ શું આ તમે દોષ જુઓ છો તેવું ન કહેવાય? અર્થાત્ **કોઈકને દોષ જોવાની છૂટ** અને **કોઈકને બંધન** એવું તો રાખી ન જ શકાય તેવું મારું માનવું છે. તેમ કહીને ભરતભાઈએ વાત પૂરી કરી - સંજનાબેન નિરુત્તર રહ્યા ફક્ત એટલું જ બોલ્યા, ‘વિચારવા જેવું ખરું’.

(E) સત્સંગનુ સ્થળ પણ યોગ્ય હોવું જોઈએ કેમકે જો દેવદ્રવ્યની સત્તાનું (જુઓ પાનુ–૪૪ થી ૫૪) સ્થળ હોય તો તેનો દોષ સત્સંગ કરનારને પણ લાગે છે. ત્યાંના પંખાની હવા, કુલરનુ ઠંડુ પાણી પણ બાધક થાય છે. કેમકે તેનું બીલ દેવદ્રવ્યમાંથી ભરાતું હોય છે.

(F) સત્સંગનો માપદંડ એ જ છે કે સાચો સત્સંગ કરવાથી ભગવદાસક્તિ વધે. (**ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ**નું યથાર્થ પાલન થાય.)

**દરેક વાંચનાર હવે, શ્રીમહાપ્રભુજીના જલભેદ ગ્રંથને ધ્યાનમાં રાખી જાતે નક્કી કરશે (૧) સત્સંગ એટલે શું? (૨) સત્સંગ કોનો કરવો? (૩) સત્સંગ ક્યાં કરવો? (૪) સત્સંગ કેવી રીતે કરવો?**

## જાણકારી - સંપ્રદાયમાં

### (A) આચાર વિચારની જાણકારીઃ

દરેક વૈષ્ણવ માટે શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી બ્રહ્મસંબંધ લેતા પહેલાં અને પછી સેવકને કઈ કઈ જાણકારી હોવી જોઈએ. તેનો આગ્રહ રાખે છે. જેથી તે વૈષ્ણવનું જીવન સ્વચ્છંદી ન બની જાય. આ વાતનો અભ્યાસ આપણે **A, B, C, D....** પ્રકારે સમજીશું.

આપણું જીવન મોટેભાગે સ્વૈચ્છિક આચાર-વિચારથી પસાર થતું હોવાથી - સ્વચ્છંદી બની જાય છે. ધર્મ શાસ્ત્રએ બતાવેલી ‘આચાર-વિચાર’ની મર્યાદા પાળવાથી આપણું જીવન અંકુશમાં રહે છે.

માટે શાસ્ત્રની આચારસંહિતા શું છે? પ્રત્યેક જીવે જાણવુ જોઈએ-સમજવું જોઈએ-વિચારવું જોઈએ અને અમલમાં મૂકવું જોઈએ. આવી **આચારસંહિતા ન પાળવાથી વ્યક્તિ સ્વચ્છંદી-નિરંકુશ થઈ જાય છે અને તે સમાજને કે સંપ્રદાયને નુકશાન પહોંચાડી શકે છે.** સેવા અંતર્ગત તેનું વર્તન આચાર વિચાર શ્રીઠાકોરજીને અપ્રિય લાગે છે ત્યારે, સેવા કરવા છતાં પણ જીવ બર્હિમુખ થઈ જાય છે. ઉદાહરણ રૂપે જોઈએ – (૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક - ૭૧) વિરકત વૈષ્ણવની વાર્તામાં જેને પ્રસાદમાં કીડા દેખાયા – અહીંયા શેઠ સેવા જ કરતા હોય છે વૈષ્ણવોને પ્રસાદજ લેવડાવે છે, છતાં તેમના દ્રવ્યનું ઉપાર્જન શાસ્ત્ર વિરુદ્ધનું હોવાથી (દીકરીનું દ્રવ્ય હોવાથી), શ્રીઠાકોરજી અપ્રસન્નતામાં – ક્રોધિત સ્વરૂપે બિરાજે છે. તેવું વાર્તામાં આવે છે.

આમ, બ્રહ્મસંબંધી જીવ સભ્ય સમાજમાં જીવતો હોવાથી **તેણે પણ ચોક્કસ પ્રકારની આચારસંહિતા પાળવાની હોય છે** જેથી તે ભગવત્કૃપાને ધારણ કરવા લાયક બની શકે. આમ જીવે પાળવાની આચારસંહિતા દરેક બ્રહ્મસંબંધી માટે એક અગત્યની આવશ્યક ક્રિયા (આચાર વિચાર), બની જાય છે. જેમાં પ્રસાદ, જૂઠણ, અધરામૃત, અર્ધભુકત.... વિગેરે માટેનાં આચાર વિચાર સમજવા પડશે.

**શ્રીમહાપ્રભુજી** સાધનપ્રકરણમાં ***સ્વધર્માચરણં શક્ત્યા.... ॥૨૩૮॥*** અને **શ્રીગોપીનાથજી** સાધનદીપિકામાં ***શૌચાચાર-વિહીનસ્ય આસુરાવેશ-સમ્ભવાત્.... ॥ ૧૯ ॥*** વિગેરે દ્વારા ધર્માચરણ માટે કાંઈક આવું જ કહેતા હોય છે. ***આચારૌ પ્રથમોધર્મઃ - આચનૌતિ શાસ્ત્રાણિ આચાર્ય સ્થાપયતિ.... યદ્યપિ શુદ્ધં લોકવિરુદ્ધં વેદવિરુદ્ધં ન કરણીયં ન આચરણીયં....*** વગેરે વગેરે. (જેઓ આચાર પાળતા નથી, શાસ્ત્રોનું ઉલ્લંઘન કરે છે, તેઓમાં આસુરાવેશ આવે છે.)

આપણું શુદ્ધ આચરણ જ આપણી બુદ્ધિમાં, શુદ્ધ વિચારોને પ્રગટ કરી, ધર્મ શું છે? અધર્મ શુ છે? શું કર્તવ્ય છે? શું અકર્તવ્ય છે?...... વિગેરે, વિવેક સ્વરૂપે શીખવશે. **શુદ્ધ આચરણ જ અંકુશરૂપે આપણી મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારને વશમાં રાખશે.** માટે જ આપણાં સભ્ય સમાજની ભાષામાં કહેવામાં આવે છે કે **દસ મણ ઉપદેશ કરતાં અધોળ**

**આચરણ ઉત્તમ છે.** (દસ મણ = ૨૦૦ કિલો અથવા ૨,૦૦,૦૦૦ ગ્રામ, અધોળ = ૨૫ ગ્રામ) અર્થાત **ધીમે ધીમે શુદ્ધ આચરણ કરવાથી જીવનમાં શુદ્ધતા આવતી જાય છે.** આજ વાત જુદા જુદા વિધાનો દ્વારા સભ્ય સમાજમાં રજુ થતી હોય છે, જેવી કે...... (૧) જેવા આચાર તેવા વિચાર (૨) જેવું પાણી તેવી વાણી (૩) જેવો આહાર તેવો વિહાર (૪) જેવું અન્ન તેવો ઓડકાર (૫) જેવુ અન્ન તેવું મન (૬) જેવો સંગ તેવો રંગ..... વિગેરે

**આમ આચારશુદ્ધિ દ્વારા જ આપણી દેહશુદ્ધિ-મનશુદ્ધિ-બુદ્ધિશુદ્ધિ અને અંતઃકરણશુદ્ધિ શક્ય બને છે.** આ આચાર વિચારની જ વાત, નરસિંહ મહેતાએ (વૈષ્ણવ જન તો તેને કહિયે....) અને શ્રીદયારામભાઈએ (વૈષ્ણવ નથી થયો તું રે હરિજન નથી થયો તું રે) કહીને આપણને સમજાવી છે.

સંપ્રદાય અંતર્ગત આ આચારસંહિતા સમજવા બે જુદા જુદા દ્રષ્ટિકોણનો ઉપયોગ કરવો પડે છે. (૧) સેવાકર્તા સંબંધિત આચારસંહિતા અને (૨) સેવાસંબંધિત આચારસંહિતા.

આ બન્ને આચારસંહિતા એક જ સિક્કાની બે બાજુ જેવી છે તેથી જુદી પાડી શકાય નહીં. દરેક બ્રહ્મસંબંધી જીવે પોતાના જીવનમાં આચરણ કેવું રાખવું? તેની સમજણ શ્રીમહાપ્રભુજીએ પોતાના ગ્રંથોમાં કરી છે તે **ત્યાં, જોવાની ફરજ આપણી છે.** જેની વિસ્તૃત સમજણ પડે તે માટે ટીકા કરીને શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુળનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી (સૂરતવાળા)...... વિગેરે વિગેરે વલ્લભવંશજોએ આચરણમાં ઉતારીને સમજાવી છે. આ જ વાતોને ૮૪-૨૫૨ વૈષ્ણવોએ પોતાના જીવનમાં ઉતારી આપણને માર્ગદર્શન આપ્યું છે. આ વિશે **વૈષ્ણવોની વાર્તામાં** શ્રીઠાકોરજીની આજ્ઞા, શ્રીમહાપ્રભુજીનાં અને શ્રીગુસાંઈજીનાં વચનામૃતો રૂપે જોવા મળે છે. જેને વાર્તાકાર શ્રીગોકુળનાથજી અને ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી સરળતાથી આપણને સમજાવે છે. **આચારસંહિતા આપણે સેવામાં અને સ્મરણમાં અને સત્સંગ અંતર્ગત આચરણમાં મૂકવાની હોવાથી તેનું અવગાહન જુદી જુદી રીતે (B, C, D)માં કરીશું.**

### (B) શ્રીમહાપ્રભુજીના મતે બ્રહ્મસંબંધી જીવનું કર્તવ્યઃ

બ્રહ્મસંબંધ એટલે શું? કોણે લેવું? શા માટે લેવું? જીવ (આત્મા) એ પૂર્ણ પુરૂષોત્તમ (અંશી)નો અંશ છે. સંસારમાં આવતા તે માયાના પ્રભાવમાં આવી જાય છે. અને અહંતા-મમતાના બંધનમાં વધુને વધુ ફસાઈ જાય છે. જેને લીધે તે દોષ યુકત બની જાય છે અને તેનામાં અસદ્ ભાવ, અસદ્ વાસના, અસદ્ વિચાર વિગેરે ક્રમશઃ વધતા જાય છે, તેથી જીવ વધુને વધુ સંસારાસકત થઈ જાય છે. આવી ક્રિયાઓ જીવની અનેક જન્મોથી ચાલતી હોવાથી ફલ સ્વરૂપે પૂર્ણ પુરૂષોત્તમનાં સ્વરૂપથી વિમુખ બની જાય છે.

શ્રીમહાપ્રભુજીનાં પ્રાકટયનો મુખ્ય હેતુ છે, (૧) દૈવી જીવો જે શ્રીઠાકોરજીનાં શ્રીઅંગની સૃષ્ટિ છે જેમનું કર્તવ્ય ભગવદ્ સ્વરૂપની સેવા જ મુખ્ય છે તે ભૂલી ગયા છે તેની યાદ અપાવી પાછા પ્રભુની સેવામાં પ્રવૃત્ત કરી દેવા અને (૨) જગતમાં વેદો જે મૃતઃપ્રાય થઈ રહ્યા હતા તેને નવજીવન આપી જગતને વેદમાં રહેલા મૂળ તત્ત્વને સમજાવવું અને શ્રીમદ્ ભાગવતનાં ગૂઢ-રહસ્યને જગત સમક્ષ પ્રગટ કરવું.

**બ્રહ્મસંબંધ એટલે એવી શાસ્ત્રોકત ક્રિયા, જેમાં શ્રીઅંગની સૃષ્ટિનો વિખુટો પડેલો જીવ (અંશ) જે સંસારાસકત થઈ ગયો છે અને ભગવાન (અંશી) ને ભૂલી ગયો છે તેને, તે યાદ દેવડાવી તેના કર્તવ્યનું ભાન કરાવી શ્રીમહાપ્રભુજીને થયેલી ભગવદ્ આજ્ઞાનું પાલન.** આથી, બ્રહ્મસંબંધી જીવનું **મુખ્ય કર્તવ્ય બને છે શ્રીઠાકોરજીની સ્વામિભાવથી,** દાસ બનીને અનન્ય આશ્રય સાથે અસમર્પિતના ત્યાગના ભાવવાળી સેવા. અહીંયા (૧) બ્રહ્મસંબંધી જીવનું કર્તવ્ય શું? (૨) શ્રીઠાકોરજી સાથે બ્રહ્મંસંબંધી જીવનો (આપણો) વ્યવહાર કેવો હોવો જોઈએ? (૩) સેવા સ્મરણ અંતર્ગત આવી આચારસંહિતા પાળવાનું પ્રયોજન શું? (૪) તેનું ફલ શું? વિગેરે વિગેરે **પ્રશ્નોના ઉત્તરો, સત્સંગ દ્વારા શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, શ્રીગુસાંઈજી-શ્રીગોકુળનાથજી-શ્રીહરિરાયજી વિગેરેનાં વાક્યોથી આપણે સૌએ વિચારવા પડશે.**

જેમ દરેક દેશના કાયદા અલગ અલગ હોય છે, એક દેશનો કાયદો બીજા દેશમા લાગુ ન પાડી શકાય તેમ દરેક સંપ્રદાયના નિયમો, સિદ્ધાંતો

અલગ અલગ હોય છે. **સંપ્રદાયનાં સંસ્થાપકે તેમના સંપ્રદાયમાં, અનુયાયીના હિતાર્થે શાસ્ત્રોના નિર્ણયને ધ્યાનમાં રાખીને બનાવેલા હોય છે.**

શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના મુખારવિંદ અવતાર છે. આપશ્રીએ બ્રહ્મસંબંધી જીવોના કર્તવ્ય માટે પોતાના ગ્રંથોમાં બ્રહ્મસંબંધી જીવોના હિતાર્થે જે વાતો કહી છે તે જોઈએ. આ માટે ષોડશગ્રંથ અંતર્ગત આવતા શ્રીમહાપ્રભુજીનાં થોડાક વાક્યોનો વિચાર કરીયે. **આપશ્રી દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા સ્વરૂપે સંબોધી રહ્યા છે.**

(૧) *વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥૯॥*
*ભગવદ-રૂપ-સેવાર્થં તત્સૃષ્ટિઃ નાન્યથા ભવેત્ ॥૧૨॥*

*(પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ)*

પુષ્ટિ સૃષ્ટિ શ્રીઠાકોરજીના અંગમાંથી પ્રગટ થયેલી છે **તેનું મુખ્ય કર્તવ્ય ભગવદ્ સ્વરૂપની સેવા જ છે** - ન અન્યથા ભવેત્

(૨) *કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ॥૧॥*
*ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિતજા ॥*

*(સિદ્ધાંતમુક્તાવલી)*

અહીંયા **શ્રીકૃષ્ણસેવાની, નિત્યકર્તવ્યતાનો** ઉપદેશ **છે. પોતાનાં** જ તન મન ધનથી એવી રીતે કરવી જેથી ચિત્ત તેમાં જ પ્રવણ થઈ જાય.

(૩) *અસમર્પિત-વસ્તુનાં તસ્માદ્ વર્જનમ્ આચરેત્ ॥૪॥*

*(સિદ્ધાંતરહસ્યમ્)*

અહીંયા અસમર્પિત વસ્તુઓ સાથેનો વ્યહવાર (જેમાં ખાવાનું, પીવાનું, ઓઢવાનું, પહેરવાનું, વિગેરે સંસારના બધા જ જડ ચેતન પદાર્થ જે આપણે ઉપયોગમાં લઈએ છીયે તે બધું જ) છોડી દેવો અર્થાત્ બધો જ વ્યવહાર **સમર્પિત વસ્તુથી** કરવો.

(૪) *ન મતં દેવદેવસ્ય સામિભુક્ત-સમર્પણમ્ ॥૫॥*
*તસ્માદ્ આદૌ સર્વકાર્યે સર્વ-વસ્તુ-સમર્પણમ્ ॥*

*(સિદ્ધાંતરહસ્યમ્)*

અર્થાત્ લૌકિક-વૈદિક બધા જ કાર્યોમાં વપરાતી બધી જ વસ્તુ સમર્પિત હોવી જોઈએ. શ્રીઠાકોરજી જે દેવના દેવ છે. તેને પહેલા આપણે આપણા માટે વાપરીને કે લઈને કે ખાઈને વધેલી, અર્થાત્ પહેલા જેનો આપણે તનથી કે મનથી ઉપભોગ કરી લીધો છે તે, અર્થાત **અર્ધભુક્ત** ન સમર્પવું.

**(૫) *સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ ।।૭।।***
***તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।।***

*(સિધ્ધાંતરહસ્યમ્)*

જેમ જૂના જમાનામાં દાસો-સેવકો-પોતાની દરેક ક્રિયાઓને પ્રત્યેક મિનિટને-પ્રત્યેક વસ્તુઓને પોતાના માલિકનાં સુખાર્થેજ વાપરતા તેમ બ્રહ્મસંબંધી જીવે પોતાનું જીવન દાસની જેમ, સેવકની જેમ **પોતાના ઠાકોરજીમાં જ શ્રીઠાકોરજીના જ સુખાર્થે** વ્યતિત કરવું.

**(૬) *સેવાકૃતિર ગુરોર આજ્ઞા બાધનં વા હરીચ્છયા ।।***
***અતઃ સેવાપરં ચિતં વિધાય સ્થીયતાં સુખમ્ ।।૭।।***

*(નવરત્નમ્)*

**શ્રીમહાપ્રભુજી (જે સંપ્રદાયનાં ગુરુછે)** તેની જ આજ્ઞાને શિરોધાર્ય સમજી સ્વસેવ્ય પ્રભુની ભગવત્સેવા કરવી તેમાં કાંઈ પણ બાંધ છોડ જો ભગવદ્ આજ્ઞા થાય તો તે છૂટછાટ, વિવેક વાપરીને લેવી. જેમાં પ્રભુનું સુખ હોય. (ભગવત્સેવામાં પ્રભુનું સુખ જ વિચારવું આપણું નહિં)

**(૭) *બીજ-દાઢર્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।।***

*(ભક્તિવર્ધિની)*

પોતાનામાં જે ભક્તિનું બીજ બ્રહ્મસંબંધ દ્વારા મૂકવામાં આવ્યું છે તેને પોષણ આપવા **ગૃહસેવા જ સ્વધર્મ છે.**

ઉપર જણાવેલ ગ્રંથોને વિસ્તૃત રૂપે સમજાવવા અનેક ટીકાકારોએ (શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુળનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીદ્વારકેશજી..... વિગેરે) ટીકાઓ લખી છે **તે વાંચવી જોઈએ અને સમજવી જોઈએ. (વ્રજભાષામાં શ્રીનૃસિંગલાલજીની ષોડશ ગ્રંથ ઉપર ટીકાની જાણકારી માટે પત્ર લખશો.)**

☞ **સંપ્રદાય સારઃ** ઉપર જણાવેલા ગ્રંથોના વાક્યોનો વિચાર કરીએ તો પણ સમજાય છે કે **બ્રહ્મસંબંધી જીવે કેવી આચારસંહિતા પાળવાની છે તેની સ્પષ્ટતા છે.** (૧) **કર્તવ્ય શું?** : એકમાત્ર સેવા છે. (૨) **ક્યાં?** : પોતાના જ ઘરમાં (૩) **કોની સાથે?** : પોતાના પરિવારજનો સાથે (૪) **કોની કરવાની છે?** : પોતાના માથે જ બિરાજતા ઠાકોરજીની જ (૫) **કેવી રીતે?** : પૂર્ણ પુરુષોત્તમના ભાવથી પોતાના જ દ્રવ્યથી (૬) **શા માટે?** : અસમર્પિતના ત્યાગ માટે અને ભગવત્સુખાર્થે.

માટે પોતાનાં દરેક સેવકોનાં પ્રશ્ન **અબ હમારો કહા કર્તવ્ય હૈ?** ના જવાબ રૂપે શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી જણાવે છે **અબ શ્રીઠાકોરજી પધરાઈ, ઘર જાઈ, સેવા કરો.**

## (C) સંપ્રદાય અંતર્ગત ગૃહસેવા, દાસધર્મ, અપરસ વગેરેનો વિચારઃ

**વિચારઃ** ઉપર જોયું કે શ્રીમહાપ્રભુજીનો આગ્રહ છે, કે વૈષ્ણવે **પોતાનાં તન-મન-ધનનું, પોતાનાં ઘરમાં, પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીમાં, તેમનાં જ સુખાર્થે વિનિયોગ કરાવવું.** સામાન્ય વૈષ્ણવોમાં જુદા જુદા પ્રશ્નો ઉભા થાય તે સ્વાભાવિક છે જેવા કે,

➤ (૧) બધી સેવાનો પ્રકાર આપણાં નાનકડા ઘરમાં કે ફ્લેટમાં કેવી રીતે નિભાવવો?

➤ (૨) ઘરનાં કુટુંબીજનો અનુકૂળ નથી. તો શું કરવું?

➤ (૩) સેવામાં બધુ સચવાય નહીં, તેથી અપરાધ પડે (માટે પુષ્ટાવવા નહિ, અથવા સેવા જ ન કરવી તેવો નિર્ણય)

➤ (૪) શ્રીઠાકોરજીનાં જળની વ્યવસ્થા કેવી રીતે કરવી?

➤ (૫) અપરસ નાનાં ઘરમાં કેવી રીતે પાળવી?

➤ (૬) ઘરમાં પલના હિંડોળા નાવ ફુલમંડળી વિગેરે ન હોય તો સેવા કેવી રીતે થાય? વિગેરે આ બધાનો વિચાર હવે પછી કરીશું.

➤ **રહેવાના સ્થળનો** વિચાર આપણે કરીયે છીયે, પરંતુ આપણાં પૂર્વજો, એટલેકે **૮૪-૨૫૨ વૈષ્ણવોનો વિચાર કરીશું તો સમજાશે કે આપણી ચિંતા-તદ્દન વ્યર્થ અને અકારણ છે.** વાર્તામાં આવે છે, તે

વૈષ્ણવો ઝૂંપડીમાં રહેતા, દ્રવ્ય સંકોચ છે માટે પોતાનાં શ્રીઠાકોરજીને બાજરીનાં દાણાં પલાળીને ધરતા (વાર્તા ૨૫૨ વૈષ્ણવોની ક્રમાંક - ૧૯૫) એકલા છોલા ધરતા (વાર્તા ૮૪ વૈષ્ણવોની ક્રમાંક - ૪) વૈષ્ણવ મહેમાન બનીને આવ્યા છે તો પોતાની સ્ત્રીના શરીરને ઢાંકવાનો એકનો એક સાડલો વેચીને અનાજ લાવ્યા છે-સ્ત્રી કોઠીમાં સંતાઈ રહી છે (વાર્તા ૨૫૨ વૈષ્ણવોની ક્રમાંક - ૯૭) **આવી પરિસ્થિતિમાં આ બધાએ પોતાના ઘરમાં પોતાનાં ઠાકોરજીની પોતાના દ્રવ્યથીજ સેવા કરી છે.** વિચાર કરીએ શું સગવડ હશે તે જમાનામાં? છતાં પણ આગ્રહ ગૃહ સેવા નો જ રાખ્યો છે. જુઓ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાના અન્ય પ્રસંગો. હવે અનુસંધાન સાથે વિચારીએ કે, **શું આપણી આર્થિક પરિસ્થિતિ અને રહેવાની જગ્યા આનાથી સારી છે કે ઉતરતી કક્ષાની?**

➤ **ઘરમાં બધા અનુકૂળ નથીઃ** આવી વાતો કરીને સેવા નહીં કરનારાએ ધ્યાનમાં રાખવું જોઈએ કે, ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં કુટુંબમાં બધીજ વ્યક્તિ બધી રીતે અનુકૂળ નથી. ઘણાંને પત્ની - ઘણાંને પતિ અનુકૂળ નથી ઘણાંને પુત્ર અનુકૂળ નથી, ઘણાંને મા-બાપ અનુકૂળ નથી **શું તેમણે સેવા છોડી ખરી?** ઉદાહરણ રૂપે લઈએ તો **કુંભનદાસજીની વાર્તામાં** અનુકૂળતા ફક્ત ૧$^{૧}/_{૨}$ (દોઢ) દિકરાની જ જણાવે છે. પત્નીની કે બીજા દિકરાઓનો ઉલ્લેખ સુધ્ધાં નથી. તેઓ ખેતરનાં ઝૂંપડામાં એકલા જ રહે છે, સેવા કરે છે, ભોગ ધરે છે. એવી જ રીતે **ગોવિંદસ્વામીની વાર્તામાં** તેમની પત્ની કે દિકરીની વાર્તા છે જ નહિ તેઓ અનુકૂળ હતા કે નહીં તેનો ઉલ્લેખ જ નથી. જ્યારે તેમની બહેન કહાનબાઈની વાત આવે છે.

આમ ૮૪-૨૫૨ વૈષ્ણવોમાંથી ભાગ્યે જ કોઈએ **અનુકૂળતા નથી, કે સાધન સામગ્રી નથી તો અપરાધ પડે** કહીને સેવા છોડી દીધી હોય કે તેવો ઉલ્લેખ કર્યો હોય. બધાએ દરેક સંજોગોમાં પોતાનાં જ ઘરમાં પોતાના ઠાકોરજી સાથે રહીને ઉત્સવ-પ્રસંગો મનાવ્યા છે-નહીં કે અન્ય કોઈના ઠાકોરજીનાં. અહીંયા સંપ્રદાયમાં એ જ વાતનો વિચાર છે, એ જ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે તમે બ્રહ્મસંબંધ લીધું છે તો **દરેક સંજોગોને ભગવદ્ઈચ્છા માની-શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરી ઘરમાં સેવા કરો.**

➤ **હવે જો દ્રવ્યની અનુકૂળતા ન હોય તો શું કરવું?:** આ પ્રશ્ન ક્યારે ઉભો થાય છે જ્યારે આપણે સેવા અંતર્ગત, **દેખા-દેખી કરીને એવું માની લીધું હોય કે,** ઠાકોરજીની સેવામાં જાહોજલાલી ચાંદીનાં ખીલૌના-હિંડોળા-પલના-ફૂલમંડળી-નાવ-ખસનાં બંગલા વિગેરે જોઈએ જ અને **નથી તો સેવા શક્ય નથી.** આપણે મનમાં એવું ઠસાવી દીધું હોય કે અમુક સામગ્રી, અમુક પ્રકારના, સૂકા મેવા-લીલા મેવા વિગેરે શ્રીઠાકોરજીને ધરવા જ જોઈએ. અમુક નેગનો પ્રકાર સચવાવો જ જોઈએ કે, અમુક ભોગનો પ્રકાર હોવો જ જોઈએ અને આપણી પાસે નથી તો આપણે સેવા ન કરવી જોઈએ નહિ તો અપરાધ પડે. કેમકે શ્રીઠાકોરજીનું સુખ સચવાતું નથી તો શ્રીઠાકોરજીને પરિશ્રમ પડે છે વિગેરે વિગેરે. **આવા બધા વિચારો સંપ્રદાયના નથી. બહિર્મુખ થવાના અને બહિર્મુખ કરવાના વિચારો છે.** (જે વિશે શાંત ચિત્તે વિચારવું)

ઉદાહરણ નરોનું આપવામાં આવે છે કે, નરોને ત્યાં દેવ દમન દૂધ અરોગવા પધાર્યા છે કેમકે ભીતરીયાએ ઓછું દૂધ ધર્યું હતું આમ, સામગ્રી ઓછી ધરવાથી અપરાધ પડે છે. આવું કહેનારા ભૂલી ગયા કે આ વાત દેવાલયના શ્રીઠાકોરજીની છે (જુઓ પાનું ૪૯-૫૦) ગૃહસેવાની નથી. ૮૪-૨૫૨ વૈષ્ણવોમાં અમુક નેગ ભોગ ધરવો જ જોઈએ તેવી કોઈ જ આજ્ઞા જોવા મળતી નથી.

સેવા માટે નાવ-ફુલમંડળી-હિંડોળા-પલનાની સગવડ ન હોવાથી શ્રીઠાકોરજીને પરિશ્રમ પડતો હોય? ઓછો નેગ ધરવાથી શ્રીઠાકોરજી ભૂખ્યા રહેતા હોત? વધારે નેગ રાખવો જોઈએ, એવો પ્રકાર હોત અને એજ જો સાચું હોત? **તો શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી, ૮૪-૨૫૨ વૈષ્ણવો વિગેરેએ અપરાધ જ કર્યો છે તેવું સાબિત થશે.** કેમકે

(૧) શ્રીમહાપ્રભુજીનાં સેવકો શ્રીપુરૂષોત્તમદાસ શેઠ કાશીવાળા અને દામોદરદાસ સંભરવાલા કનોજનાં જેવો વૈભવ શ્રીમહાપ્રભુજીએ કયારેય શ્રીઠાકોરજીને અંગીકાર નથી કરાવ્યો. એમના જેવી રાજભોગ નેગભોગ વાળી સેવા શ્રીમહાપ્રભુજીએ પોતાનાં આખા જીવનમાં કરી જ નથી. **તો શું શ્રીમહાપ્રભુજીએ કરેલી સેવા ગૌણ પ્રકારની હતી?** શું આવી વાત ક્યાંય પણ વાર્તાકાર શ્રીગોકુલનાથજી કે ભાવપ્રકાશકાર હરિરાયજી જણાવે છે ખરા?

(૨) દ્રવ્ય ઓછું હોય તેથી મનોરથો ન થઈ શકે તેમજ, અનુકૂળતા નથી તેથી, સેવા ન પધરાવાય અથવા સેવા ન થાય. **ખાલી પરચારગી જ થાય આવા વિચારો કેટલા સાચા?** કેમકે, પદ્મનાભદાસજી એ આખી જીંદગી ફક્ત છોલા જ બધા ભોગમાં, બધી સામગ્રીમાં, દરેક ઉત્સવમાં ધર્યા છે. તો શું શ્રીમથુરાધીશજી તેમનાંથી નારાજ હતા? (ઘાણી-પુણીવાળા - બાજરીના દાણાવાળા ઠાકોરજીનો પ્રસંગ વિચારવો) **અમુક જ સામગ્રી અમુક જથ્થામાં (Quantity) ધરવી તેવો તકાદો શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીએ કે શ્રીઠાકોરજીએ ક્યાં ગૃહસેવામાં કર્યો છે?**

(૩) ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક - ૧૯૫ પ્રસંગ-૧માં રાજનગરનાં ભાઈલા કોઠારીને ત્યાં, ગામનાં એક મા-બેટીએ બ્રહ્મસંબંધ લીધા બાદ શ્રીગુસાંઈજીને સેવા પધરાવવાની ના પાડી. શ્રીગુસાંઈજીએ કારણ પૂછ્યું **ત્યારે તેમણે જણાવ્યું કે પોતે દ્રવ્ય સંપન્ન ન હોવાથી ભાઈલા કોઠારી જેવી નેગભોગવાળી સેવા શ્રીઠાકોરજીને સંપન્ન કરી શકે તેમ નથી.** શ્રીઠાકોરજીને પરિશ્રમ પડે માટે ના પાડી છે. તેના પ્રત્યુત્તરમાં શ્રીગુસાંઈજીએ જણાવ્યું કે **બાઈ આખા વરસમાં તારો એક સાડલો તું નવો લાવે ત્યારે તેમાંથી પહેલા એક વેંતનો ટૂકડો ફાડી લે જે પછી તારા ઉપયોગમાં તે સાડલો લે જે.** અને તે ટૂકડામાંથી આખા વરસનાં વસ્ત્ર શ્રીઠાકોરજીનાં થશે.

**મંગળભોગ-ઉત્થાપનભોગમાં-સૂકામેવા માખણ-ફલફલારીની જગ્યાએ તારા ઘરમાં બાજરીનાં દાણાં તો હશે ને તે જલમાં પલાળી, નરમ થાય પછી ધરજે.** રાજભોગમાં તું જે રસોઈ કરે ખીચડી-રોટલો-છાસ-જે બની આવે તે અનુકૂળતા પ્રમાણે ધરજે-**દાસભાવથી અસમર્પિતના ત્યાગનો ભાવ રાખવાથી શ્રીઠાકોરજી ઘણું માનીને શ્રીમહાપ્રભુજીની કૃપાથી અંગીકાર કરશે.** આવો સહજ પ્રકાર જાણ્યા પછી તેમણે શ્રીઠાકોરજી પધરાવ્યા અને એ પ્રમાણેનો સેવા ક્રમ પોતાની પરિસ્થિતિ મુજબ રાખ્યો.

વાર્તા પ્રસંગ વિચારીએ તો સમજાય છે કે રાજનગરમાંથી ઘણાં બધાંએ તે બાઈ સાથે વ્યવહાર બંધ કરી દીધો છે. ઘણાં વખત પછી શ્રીગુસાંઈજી રાજનગર પધાર્યા ત્યારે આપને ઘણાએ આ ડોકરીના વિરૂદ્ધાચરણની વાતો કરી અને જણાવ્યું અમે વ્યવહાર નથી રાખતા.

સંધ્યા વંદન કરવા શ્રીગુંસાઈજી પધાર્યા છે તે ડોકરીના ઘરે પધાર્યા (લોકોને એમ લાગ્યું કે શીખામણ આપવા-સેવાની સાચી રીત બતાવવા પધાર્યા છે.) બાઈને પૂછ્યું કે શું સમય છે? બાઈએ જવાબ આપ્યો મહારાજ! ઉત્થાપન ભોગ સરાવવાનો સમય છે આપ સરાવો-કંતાનનો ટેરો હટાવી અચવન કરાવવા શ્રીગુસાંઈજી ગયા ત્યારે જોયું શ્રીઠાકોરજી બાજરીનો એક એક દાણો અરોગી રહ્યા છે શ્રીગુસાંઈજીએ બાઈની સરાહના કરી, બાજરીનાં દાણાનો પ્રસાદ માંગ્યો વિગેરે વાર્તામાં આવે છે.

**વાર્તામાં ક્યાંય એમ નથી આવ્યું કે (૧) શ્રીગુસાંઈજી ચીડાઈ ગયા-આવી રીતે કેમ ભોગ ધરે છે? (૨) સેવા છોડી દેવાનું નથી કહ્યું. (૩) આવું તું કરે છે તો અપરાધ પડે છે તેવું નથી જણાવ્યું. ઉપરથી પ્રસન્નતા થઈ છે અને તે બાજરીનાં દાણાનો પ્રસાદ માંગ્યો છે. (૪) શ્રીમથુરાધીશજીએ કે શ્રીમહાપ્રભુજીએ, પદ્મનાભદાસજીને એવું નથી કહ્યું - 'એકલા છોલા જ કેમ ધરે છે?'**

સંપ્રદાયમાં સાચું એ છે કે, જે પરિસ્થિતિ હોય - અરે! ગરીબાઈ છે દ્રવ્ય નથી, **ભીખ માંગવી પડતી હોય તો તે કરીને પણ** - કોરું લાવીને - રસોઈ કરીને શ્રીઠાકોરજીને ભોગ ધરો. આજે આપણે સેવા માટે - જાહેર મનોરથો માટે - માંગીયે છીયે - ભેગું કરીએ તો ત્યાં શ્રીઠાકોરજી અરોગતા જ નથી અનમના બિરાજે છે.

આવી સ્પષ્ટતા શ્રીમહાપ્રભુજીનાં સેવક **ગોપાલદાસ ક્ષત્રી નરોડાનાં વાર્તા ક્રમાંક ૭૯માં** શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં વાર્તાકાર શ્રીગોકુળનાથજી અને ટીકાકાર શ્રીહરિરાયજીએ પ્રસંગ-૧માં કરી છે અને સમજાવ્યું છે કે, **પેટ લાગ્યું છે માટે ભીખ મંગાય - સેવા પધરાવી છે કે સેવા કરવી છે માટે ભીખ ન મંગાય.**

માટે **આપણે જે માનીયે છીયે** અથવા આપણને કહેવામાં આવે છે કે સેવા અમુક નેગભોગ વાળી, અમુક રાગભોગ વાળી, અમુક શ્રૃંગાર વાળી, અમુક પ્રકારના અપરસ વાળી - કૂવાનાં જળથી વગેરેની હોવી જ જોઈએ, **આવી રજૂઆતોને માન આપી આગ્રહ રાખી સેવા છોડવાથી નરી બહિર્મુખતા જ આવશે.** વાર્તામાં જુઓતો શ્રીઠાકોરજી ખાલી છોલા

ધરનારના, બાજરીના દાણા ધરનારના, ધાણી-પૂણી ધરનારના પક્ષમાં **છે. તેઓને સાનુભવતા શ્રીઠાકોરજીએ જતાવી છે. શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીએ તે બધાની પ્રશંસા જ કરી છે - અને તેમને જ ભગવદીય ગણાવ્યા છે.**

☞ **વિચારણીયઃ** ૮૪-૨૫૨ વૈષ્ણવોમાં દરેકની રહેણી કરણી - (લાઈફ-સ્ટાઈલ) અલગ અલગ છે - કોઈ ધંધો કરે છે - કોઈ ચાકરી કરે છે - કોઈ નોકરી કરે છે - કોઈ રોજગાર કરે છે - કોઈ લાકડા-કોડી વેચે છે - કોઈ સૂતર કાંતે છે - કોઈ ચૂટકી માંગે છે - કોઈ એકલા સેવા કરે છે - કોઈ સ્ત્રી-પુત્રાદિ પતિનાં આશ્રિત થઈ ગૃહસેવા કરે છે - **બધા જ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પાળીને અસમર્પિતના ત્યાગ સાથેની, અનન્ય ભગવદાસક્તિ રાખી પોતાના ઘરમાં પોતાના જ દ્રવ્યથી સેવા કરી ગૃહેસ્થિત્વા સ્વધર્મતઃની આજ્ઞાનું પાલન કરે છે.**

**શું આપણી** પરિસ્થિતિ એટલી બધી ગરીબાઈ વાળી છે? કે રાજનગરની ડોકરીની જેમ બાજરીનાં **દાણા પણ ધરી શકીયે તેમ નથી?** - કે પદ્મનાભદાસની જેમ **છોલા પણ ધરી શકીયે તેમ નથી?** - ઘરમાં **ઝૂંપડા જેવી પણ સગવડ નથી?** - કપડાં **વરસોથી નવા લેતા જ નથી?** - વાર્તા સાહિત્ય અને ટીકાકારો તો તેમ સમજાવે છે કે તમારી પરિસ્થિતિ આ બધાં કરતાં પણ ખરાબ હશે તો પણ જો તમારો આગ્રહ (૧) શ્રીમહાપ્રભુજીની આજ્ઞા જ પાળવાનો હશે (૨) ઘરમાં રહીને જ સેવા કરવાનો હશે (૩) આપણાં પોતાના જ ઠાકોરજીને ધરેલા ભોગનો જ પ્રસાદ લઈ અસમર્પિતના ત્યાગને નિભાવવાનો હશે તો આપણે **પુષ્ટિભક્તિમાર્ગમાં પુષ્ટિભક્તિસંપ્રદાયનાં સાચા અનુયાયી બની શકીશું.**

**સતત એ જ વિચારવાનું છે કે, શ્રીઠાકોરજી પૂર્ણ-પુરુષોત્તમ - અખિલ બ્રહ્માંડનાં નાયક - પોતાનુ સર્વસ્વ છોડીને મારે ઘરે, મારી રહેણી કરણીને (લાઈફ-સ્ટાઈલ) પોતાની ઈચ્છાથી માણવા જ પધાર્યા છે. મારે દાસભાવથી બધું જ, ઘર-કુટુંબ સર્વસ્વ સમર્પિત કરીને, તેમની અસ્મિતા સાચવવાની છે,** અને દ્રઢતાથી એ જ વિચારવાનું છે કેઃ

(૧) ઠાકોરજી નિર્દય નથી કે, આપણી આર્થિક-શારીરિક, અશક્તિ ને આપણી મજબૂરીને સમજે નહીં? - શ્રીઠાકોરજી તો આપણી અનુકૂળતા પ્રતિકૂળતાનો પૂરેપૂરો ખ્યાલ રાખીને જ આપણાં ઘરે પધાર્યા છે.

(૨) એવો ભાવ કે વિચાર જ ન આવવો જોઈએ કે ગામમાંથી ભીખ-માંગીને કે ઉધાર લઈને - ઘણી બધી સામગ્રી મનોરથ કરી, શ્રીઠાકોરજીને ધરીને જાત જાતની ઘણી બધી સામગ્રી ધરીને બધા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવીએ તો જ તે સંપ્રદાયમાં સેવા ગણાય.

(૩) આપણો વ્યવહાર એક દાસ તરીકેનો - સ્વામી શ્રીઠાકોરજી સાથે હોવો જોઈએ. જેનાં અંતર્ગત આપણે **દરેક ચીજ-વસ્તુ સમર્પિત લેવાનો આગ્રહ જીવન નિર્વાહ માટે રાખીએ.** સેવાનો આગ્રહ ભગવદ્ સુખાર્થે સ્નેહ સહિત. **કોઈ પણ જાતનાં માનસિક તણાવ (ટેન્શન) વગર સહજતાથી રાખવાનો છે.**

➤ **દેહશુદ્ધિ - અપરસનો પ્રકારઃ** ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે **પોતાની અનુકૂળતા પ્રમાણે અપરસ પાળતા** હતા. પોતાની આર્થિક પરિસ્થિતિને અનુકૂળ રહીને, વર્ણાશ્રમ ધર્મ અંતર્ગત **આચાર શુદ્ધતા રાખીને,** પોતાનાં જ દ્રવ્યથી, પોતાના ઠાકોરજી સાથે અત્યંત સ્નેહ પૂર્વક ભગવદ્ સુખાર્થે જ જીવન વ્યતિત કરતા હતા. **વર્ણાશ્રમ ધર્મ અંતર્ગત દેહશુદ્ધિ માટે - સ્નાન કરવામાં અને ત્યારબાદ શુદ્ધ રહેવા માટે અપરસનો પ્રકાર આવે છે.** (મેહાઢીમર-જેઓ માછીમાર હતા, ચહુડો મહાવનનો, મોહના ભંગી, ડોકરી બાજરીના દાણાવાળી, અકબર બાદશાહની બેગમ તાજબીબી, બાગીખાન, રસખાન, અલિખાન પઠાણ અને તેની બેટી ખાનજાદી, તાનસેન વિગેરે.... વિગેરે.... શું બ્રાહ્મણ જેવી અપરસ પાળતા હશે?) આમ, અપરસનું મહત્વ ખરું પણ, તે કૂવાના જળની હોય? કે નદીના જળની હોય? વિગેરેનું મહત્ત્વ ત્યારે ન હતું. (આ વાતનો ખુલાસો વાર્તા ઉપરથી જોઈશું.)

☞ ઉદાહરણ રૂપે સમજવા નીચેના પ્રસંગો જોઈએ.

**પ્રસંગ - ૧ઃ** શ્રીમહાપ્રભુજીનાં સેવક રામદાસ સારસ્વતની વાર્તા ક્રમાંક - ૭માં આવે છે તેમણે અપરસ છોડી-સીપાહીની નોકરી સ્વીકારી-

બ્રાહ્મણ હતા પરંતુ ક્ષત્રીયની વ્યાવૃત્તિ સ્વીકારી છે. જ્યારે રામદાસજી શ્રીમહાપ્રભુજીને દંડવત કરવા અડેલ આવ્યા, ત્યારે સીપાહીના ગણવેશમાં જ હથિયાર બાંધીને દંડવત્ કર્યા. શ્રીમહાપ્રભુજીએ રામદાસજીને કહ્યું ***તોકો ધન્ય હૈ*** કહીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી.

ત્યાં બેઠેલા કોઈ વૈષ્ણવે આપશ્રીને વિનંતી કરી **મહારાજ! હવે તો તેમની અપરસ પણ છૂટી ગઈ** અને ખાન-પાન પણ અપરસ વગર કરે છે અને હલકી વ્યાવૃત્તિ પણ સ્વીકારી છે. જ્યારે પહેલા શુદ્ધ બ્રાહ્મણની મેંડમાં અપરસમાં રહેતા-જલપાન બીડી-પ્રસાદ પણ અપરસમાં જ લેતા, હવે બધું છૂટી ગયું છે. **તો હવે ધન્ય કેમ કહો છો?**

શ્રીમહાપ્રભુજીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે **શ્રીઠાકોરજીને પરિશ્રમ નથી કરાવ્યો.** આમ અહીંયા **અપરસ કરતાં મુખ્ય વાત શ્રીઠાકોરજીની સેવા જેમાં શ્રીઠાકોરજીને પરિશ્રમ ન પડે-પ્રસન્નતા રહે** તે રીતે કરવાની છે તે તરફ શ્રીમહાપ્રભુજીએ અંગુલી નિર્દેશ કર્યો છે.

માટે જ શ્રીહરિરાયજી આ વાર્તાનાં ભાવ પ્રકાશમાં જણાવે છે ***(૧) ઐસી અપરસ કોન કામકી જામે શ્રીઠાકોરજીકો શ્રમ કરનો પડે. (૨) જો કહા બહોત અપરસ સોં કાર્ય હોત હૈ? પુષ્ટિમાર્ગીય ધર્મ બહોતં કઠિન હૈ.***

**પ્રસંગ - ૨ઃ** ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક ૧૯૭ એક શેઠ એક વિરક્ત જાકી મેંડ કે ઉપરસે કુત્તા નીકસી ગયો! આ વાર્તામાં આવે છે શેઠે, શ્રીઠાકોરજીનાં ભોગ સરાવી ને મેંડમાં પધરાવેલા. તેમાંથી કૂતરો પસાર થયો અને એ જ કૂતરો એક વિરક્તની શ્રીઠાકોરજીનાં ભોગ સરાવેલ મેંડ માંથી પસાર થયો. હવે આ પ્રસાદ લઈ શકાય કે નહીં? તેનું સમાધાન કરવા શ્રીગુસાંઈજી પાસે ગયા. શ્રીગુસાંઈજીએ કહ્યું શેઠની મેંડ છોવાય જાય ફરીથી સામગ્રી કરીને ધરજો, વિરક્તની ન છોવાય. કેમકે, શેઠ પાસે સાધન સંપત્તિ છે ભીતરીયાઓ છે નોકરો છે. તેમની પાસે ફરી સામગ્રી કરાવી શકે છે. જ્યારે વિરક્તને (ભૂખ્યા પેટે) ફરીવાર ગામમાં ચૂટકી માંગવા જવું પડશે આવીને રસોઈ કરી ભોગ ધરવો પડશે આમ તેને પરિશ્રમ વધારે પડશે. શેઠને કાંઈ જ પરિશ્રમ પડવાનો નથી. નોકરો પાસે ભીતરીયા પાસે દ્રવ્ય આપીને કરાવવાનું છે. માટે શેઠની મેંડનો

પ્રસાદ છોવાય જાય, જ્યારે વિરકતને માટે ન છોવાય. વાર્તામાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી જણાવે છે કે,

*યહ કહિ યહ જતાએ, જો-અપરસ સામર્થ્ય અનુસાર હૈ, જૈસી સામર્થ્ય હોંઈ તૈસી અપરસ રાખે । પરિ છલ કંપટ કરૈં નાહીં । સામર્થ્ય હોંઈ ઔર કહે, જો-હમ સોં તો એસી અપરસ બનત નાહીં । એસો ન કરિએ । નાતરું અપરાધ હોંઈ । કાહે તેં, જો-અપરસ તો આચાર્યજી મહાપ્રભુ આપ પ્રગટ કિયે હૈં । તાતેં વૈષ્ણવ યથાસક્તિ આગ્રહપૂર્વક અપરસ રાખે, જો શ્રીઆચાર્યજી પ્રસન્ન વ્હૈં । પુષ્ટિમાર્ગ કે ધર્મ સિદ્ધ હોંઈ । એક દ્રઢ આશ્રય હોંઈ । અન્યસંબંધ સબ છૂટે । શ્રીઆચાર્યજી કૃપા કરૈં । ઔર મહાપ્રસાદ ન છૂવે યહૂ કહે ।*

➤ **થોડાંક બીજા પ્રસંગો જોઈએઃ** કુંભનદાસજી ખેતરમાં બાંધેલા ઝૂંપડામાં રહેતા હતા-પોતાનાં જ ખેતરમાં ઉગતા અનાજની રોટી અને ઝાડ જે તેમનાં ખેતરમાં હતું તેનું શાક ધરે છે-આ બેજરની રોટી-ટેંટીનું શાક શ્રીઠાકોરજીને અતિ પ્રિય લાગ્યું છે.-પ્રેમથી અરોગે છે, વ્રજભકતોએ લાવેલા ભોજન કરતાં પણ ઉત્તમ છે સુંદર છે તેમ જણાવ્યું છે. કોઈ વૈષ્ણવે ઠાકોરજીને ઉપરણામાં પલને ઝૂલાવ્યા છે, કોઈએ હથેળીમાં ડોલ ઝૂલાવ્યા છે. કોઈએ ગાયની ખીરકમાં અન્નકુટ કર્યો છે વિગેરે વિગેરે વાર્તા સાહિત્યમાં જોવા મળે છે.

☞ **સંપ્રદાય સિદ્ધાંત સારઃ** બ્રહ્મસંબંધી જીવો માટે **ભગવત્સુખાર્થે થતી સેવા એ જ મુખ્ય કર્તવ્ય છે.** અપરસ કે સામગ્રી કે ભોગ કે શૃંગાર વિગેરે ગૌણ છે તેના કારણે, **સેવા છોડવી તે તો નરી મૂર્ખતા સાબિત થઈ જાય,** કેમકે સેવા અને અપરસ કે સામગ્રી કે ભોગ કે શૃંગાર વિગેરેનો સંબંધ, **માથું અને પાઘડી** જેવો છે. **માથું** મુખ્ય હોવાથી જો **પાઘડી** નાની હોય તો બીજી બદલાય પણ માથું છોલવા ન બેસાય તેવું જ **સેવા મુખ્ય હોવાથી** અપરસ કે સામગ્રી કે ભોગ કે શૃંગાર વિગેરેનું સમજવું.

અહીંયા દાસનો ધર્મ શું છે તે આપણને સમજાવ્યો છે-દાસે પોતાનુ સુખ નહીં પરંતુ સ્વામીનુંજ સુખ વિચારવું જોઈએ તે સમજાવ્યું છે. શ્રીમહાપ્રભુજી **સાધનપ્રકરણમ્‌ની સર્વનિર્ણયની** કારિકા - ૨૪૭માં

જણાવે છે. *વિક્ષેપાદ્ અથવા શક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્ ॥ અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે ॥ તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તથા ॥ ૨૪૭ ॥* (અર્થાત્ ઘરમાં સેવા કરતા પરપિડાદી કે અત્યાગ્રહ જો પ્રવેશે તો ઘરમાં સેવા છોડી દેવી અને શ્રીઠાકોરજી સાથે તીર્થપર્યટન કરવું.) આમ, સંપ્રદાયમાં શ્રીઠાકોરજીને થતો પરિશ્રમ જ નહીં પરંતુ સેવાકર્તાને અને બીજાઓને થતા પરિશ્રમનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. આપણે સેવા કરીએ ત્યારે જોર જોરથી પખાવજ વગાડીએ કે ઝાંઝ વગાડીએ આજુ બાજુમાં કોઈ માંદુ હોય - કોઈ અભ્યાસ કરતું હોય - પડોશમાં કોઈ દુઃખદ પ્રસંગ બન્યો હોય સંભવ છે કે કોઈને આપણી સેવાથી પીડા થતી હોય. અમુક ભોગ ધરવો જ જોઈએ ગાંઠમાં પૈસા નથી તો ગામમાંથી માંગી લાવવા, કોઈને શરમમાં નાંખીને લઈ લેવા, કોઈની પાસેથી દબાણ કરીને લેવા આ બધું **આપણામાં પ્રવેશેલ અત્યાગ્રહને લીધે થાય છે જે ન કરવું જોઈએ** (તો તે પ્રકાર સેવાનો છોડી દેવો).

જો ઘરમાં સેવા નભતી નથી તો ઠાકોરજીને પધરાવી ઘર છોડી દેવું તીર્થ પર્યટન કરવું, શાંતિથી કોઈને પણ પીડા ન થાય તેવી સેવા કરવી, અથવા જયાં શાસ્ત્રએ બતાવેલ દેવાલયના સ્થાનો (જેવાકે, *જગન્નાથે વિઠ્ઠલે ચ શ્રીરંગે વેંકટે તથા યત્ર પૂજાપ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેત તત્પરઃ.......... સાધન પ્રકરણમ્ ॥ ૨૫૫ ॥*) છે ત્યાં જઈ વિવેક રાખી સેવા કરવી એટલે કે ભગવત્સ્વરૂપના સંબંધ વગર જીવન ન જીવવું. (વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે શ્રીમહાપ્રભુજીએ ઘરમાં સેવા કરવાની કહી છે તે ઉત્તમ જ છે. કેમકે, ઘર છોડવા કરતાં પરિવારજનો સાથે થતી સેવા સરળ છે જે આચરણમાં મૂકવાથી ક્રમશઃ સમજાશે)

શ્રીગુસાંઈજીનાં પત્રવ્યવહારમાં પણ આવું જ સૂચન શ્રીગિરિધરજીને લખેલું જોવા મળે છે કે, સ્વામીનું સુખ વિચારીને સેવા કરવી એ દાસનું કર્તવ્ય છે. જે સહજતાથી આનંદથી થવું જોઈએ. **પોતે અતિપરિશ્રમ લઈને ન કરવું કે બીજા પાસે પણ અતિપરિશ્રમ લઈને ન કરાવવું, કેમકે મારા સ્વામીનો સ્વભાવ બહુ જ કોમળ છે** જો તેનાં સેવકને સેવા કરતા પરિશ્રમ પડે અને સ્નેહથી, આનંદથી સેવા ન કરે તો સ્વામીને દુઃખ પહોંચે છે. આમ સેવામાં દરેક વાતનો સરખી રીતે વિચાર કરીને;

જેમાં સ્વામીની પ્રસન્નતા અને સેવકને સેવા કરવામાં થતા પરિશ્રમ-દુઃખ વગેરેનો ખ્યાલ રાખીને-વિચાર કરવો.

**સંપ્રદાયમાં સેવા બહુજ નાજુક શબ્દ છે**-વૈષ્ણવે કેવું આચરણ કરવું-પોતાનાં ઘરમાં શ્રીઠાકોરજીનું સુખ વિચારી અપરસંનો પ્રકાર, સેવાનો પ્રકાર કેવી રીતે ગોઠવવો વિગેરે વિવેકપૂર્વક સેવા ન છૂટે, અહંકાર ન આવે, સેવકને કે ઘરનાંને, કે ગામમાં બીજા બધાને ત્રાસરૂપ, સેવા કર્તા કે તેની ક્રિયા ન થઈ જાય, તે વિચાર કરવો જોઈએ.

હવે, **આપણે જાતે વિચારવું પડશે કે, આપણી ઘરમાં રહેવાની આર્થિક રીતે દ્રવ્યની-અન્નાદિ વ્યવહારની, પરિસ્થિતિ, ૮૪-૨૫૨ વૈષ્ણવો કરતાં વધુ અગવડ ભરેલી છે કે સગવડ ભરેલી?**

**(D) સાંપ્રદાયિક શબ્દોની સમજણઃ** સંપ્રદાય અંતર્ગત હવે જુદી જુદી સમજણોનો વિચાર કરીએ. સામગ્રી કોને કહેવાય?, પ્રસાદ કોને કહેવાય?, અધરામૃત એટલે શું?, અર્ધભુક્ત એટલે શું?, સમજણ જુઠણની, અને સમજણ દેવદ્રવ્યની વિષે વિચારીશું.

☞ **(૧) સામગ્રી એટલે શું?ઃ** સંપ્રદાય અંતર્ગત એમ વિચાર કરી શકાય, સામગ્રી એટલે (૧) **ભકત કે સેવક** દ્વારા પોતાના પ્રભુને સ્વામી માનીને, **સમર્પણના ભાવથી** પોતાની સત્તાની વસ્તુ જેનો **શાસ્ત્ર નિષેધ ન હોય અને ઉત્તમમાં ઉત્તમ છે** તેને પ્રભુ પોતે પોતાના સુખાર્થે, ઉપયોગમાં લે તેવું **નિવેદન.** (૨) **ભગવાન પોતે** તે સેવકનાં **સ્વામી છે,** તે ભાવથી સેવકની **સત્તાની જ વસ્તુ**ને અંગીકાર કરવાનો

**વધાઈ..... વધાઈ..... વધાઈ**

ભગવદ્ ઈચ્છાથી પુષ્ટિ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ જોધપુર-કિશનગઢ-ગ્વાલિયર-જયપુર દ્વારા સંકલન-૧નું હિંદી ભાષામાં રૂપાંતર થયું છે. જે નીચેના સરનામા ઉપર કે આણંદ પોસ્ટકાર્ડ લખવાથી પ્રાપ્ત થઈ શકે છે.

કિશોર રાઠી, ગ્રંથ યશ, ખાસા કોઠી કે પાસ, સ્ટેશન રોડ
જયપુર ૩૦૨ ૦૦૬. મોબાઈલઃ ૯૩૧૪૫ ૦૨૯૧૧

આગ્રહ રાખે ત્યારે, તે ચીજવસ્તુ સામગ્રી કહેવાય. **(આમ ભકત અને ભગવાન બન્નેની સંયુક્ત રીતે થતી ક્રિયા દ્વારા, તે ચીજવસ્તુ સામગ્રી બને છે.)**

(૧) બ્રહ્મસંબંધી જીવનું મુખ્ય કર્તવ્ય અસમર્પિતનો ત્યાગ અર્થાત્ બધું સમર્પિત લેવું તે છે. **અથવા** બ્રહ્મસંબંધ તેણે જ લેવું જોઈએ જેનો આગ્રહ અસમર્પિતના ત્યાગનો છે **અથવા** બ્રહ્મસંબંધ એવાને જ આપવું જોઈએ જેનો આગ્રહ અસમર્પિતના ત્યાગનો છે, **(પરંતુ કયાંય પણ પ્રસાદી જ લેવું તેવું જણાવતા નથી, કેમકે પ્રસાદ લેવાનું વિકલ્પ રૂપે છે.)**

**આ સિદ્ધાંતરહસ્યમ્ ગ્રંથ પર ટીકાકારો શ્રીમહાપ્રભુજીની જે વાત સમજાવે છે** અને એનો સાર એ છે કે સમર્પિત એટલે બ્રહ્મસંબંધી સેવક, પોતાની સત્તાની નિવેદિત કરેલી ચીજવસ્તુ (સામગ્રી), પોતાના ઠાકોરજીને ધરે અને પછી, પોતાના ઉપયોગમાં લે તો તે સમર્પિત લીધેલું કહેવાય. જ્યારે એ વ્યક્તિ બીજાને ઘરે જાય ત્યારે તે સામેની બ્રહ્મસંબંધી વ્યક્તિની સત્તાનું તેના ઠાકોરજીને ધરેલું, લે છે ત્યારે આવનાર વ્યક્તિ જે લે છે **તે વ્યક્તિ સમર્પિત નથી લેતી પણ પ્રસાદી લે છે તેવો ભાવ છે.** (આમ પ્રસાદી પણ બ્રહ્મસંબંધી વ્યક્તિની સમર્પિત સામગ્રીનું તેના ઠાકોરજીને જ ધરેલું જ હોવું જોઈએ નહિં કે, આજુ બાજુથી માંગીને લાવેલું કે ગામમાંથી બીજાએ આપેલું કે લાવેલું.)

☞ ઉદાહરણ રૂપે આપણે ઘરે ગુરુદેવ પધારે, આપણા ઠાકોરજીને ધરેલું દૂધઘર-જલ-સૂકોમેવો ઈત્યાદી અરોગે તો તેમણે પ્રસાદ અરોગ્યો તેમ કહેવાય, જ્યારે ઘરની વ્યક્તિ લે તો તે તેણે સમર્પિત લીધેલું કહેવાય. ગુરુદેવ પણ પોતાના ઘરે - પોતાની સત્તાનું - પોતાના ઠાકોરજીને સમર્પેલુ લે તો તે સમર્પિત લીધેલું કહેવાય અને તે જ ચીજવસ્તુ અન્ય વૈષ્ણવને આપે તો તે પ્રસાદ કહેવાય. (અહીંયા **'સમર્પણ કરેલું'** એટલે બ્રહ્મસંબંધ અંતર્ગત કરેલું **નિવેદન** વિચારવાનું છે.)

શ્રીમહાપ્રભુજી દરેક બ્રહ્મસંબંધી જીવને સમર્પિત લેવાનું કહે છે અર્થાત પોતાની સત્તાનું પોતાના ઠાકોરજીને ધરેલું જ લેવાનું કહે છે. **જ્યારે બીજા કોઈની સત્તાની સામગ્રી પોતાના ઠાકોરજીને કે અન્યના**

**ઠાકોરજીને ધરવામાં આવે છે તો તે સમર્પણ અંતર્ગત નિવેદિત ન હોવાથી તે સામગ્રી શ્રીઠાકોરજી અરોગતા જ નથી.** (જુઓ કિશોરીબાઈની વાર્તા ક્રમાંક - ૨૦૯) અહીંયા ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી જણાવે છે કે, એક વૈષ્ણવે બીજાની સત્તા સામગ્રી પોતાના ઠાકોરજીને અરોગાવવી નહિ અને કંઈ પણ બીજા વૈષ્ણવ પાસે લઈને શ્રીઠાકોરજીમાં વિનિયોગ ન કરાવવું, **કેમકે તેવું શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.**

હવે જો આવું **અણપ્રસાદી અસમર્પિત** લેવામાં આવે છે તો તે લેવાનો દોષ લાગે છે (જુઓ રૂપાપોળીયાની વાર્તા-૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક - ૧૬૬ **અણપ્રસાદી અસમર્પિત ઘી અજાણતા પેટમાં જવાથી કૂતરાનો જન્મ લેવો પડ્યો છે.)**

આમ, **ત્રણે શબ્દો** વિષે વિચારીએ તો એ નિર્ણય પર આવીશું કે,

(૧) સમર્પિત ➤ એટલે પોતાના ઠાકોરજીને, પોતાની જ સત્તાનું (પોતાની અહંતા મમતા સાથે જોડાયેલું) બ્રહ્મસંબંધ અંતર્ગત નિવેદિત કરેલું ધરવામાં આવે તો તે સમર્પિત કહેવાય.

(૨) પ્રસાદી ➤ એટલે સામેની વ્યક્તિએ પોતાના ઠાકોરજીને પોતાની સત્તાનું બ્રહ્મ સંબંધ અંતર્ગત નિવેદીત કરેલું ધરવામાં આવે છે (ત્યારે તેના માટે અને તેના નિવેદીત સ્ત્રી પુત્ર આપ્ત વિગેરે માટે તે સમર્પિત કહેવાય) જયારે બીજા વૈષ્ણવો લે છે તો તેમના માટે પ્રસાદી કહેવાય.

(૩) અણપ્રસાદી ➤ એટલે પોતે સેવા કરે - બીજી વ્યક્તિના ઠાકોરજીને ત્રીજી વ્યક્તિની સત્તાનું, જો ધરવામાં આવે, અથવ જેનું સમર્પણ અથવા નિવેદન નથી થયું તે, જેન અંગીકાર શ્રીઠાકોરજી કરતાં નથી, અરોગતા નથ તે બધું અણપ્રસાદી કહેવાય.

☞ **સાર ગ્રહણ સામગ્રી✻ માટેનોઃ** આમ સામગ્રી તે જ પદાર્થ બન શકે છે, જે સમર્પિત હોય અને **સમર્પણ તેનું જ થઈ શકે છે જે પોતાન**

**સત્તાનું હોય** અને પ્રભુને બ્રહ્મસંબંધ સાથે નિવેદિત કરેલું હોય. આવું કરવાથી તે વસ્તુમાં **બ્રહ્મત્વ આવે છે એટલે દોષરહિત બને છે.** (સિદ્ધાંતરહસ્યમ્ - સર્વેષાં બ્રહ્મતાતતઃ)

**બીજાની સત્તાનું કાંઈપણ આપણે નિવેદિત કરી શકતા ન હોવાથી તેનું સમર્પણ થતું નથી,** સમર્પિત ન હોવાથી પ્રભુ અંગીકાર કરતાં નથી. **આમ તે સમર્પિત સામગ્રી ન હોવાથી તે અધરામૃત કે પ્રસાદ થતો નથી કે સિદ્ધાંતરહસ્યમ્ ગ્રંથમાં જણાવેલ દોષની તેમાંથી નિવૃત્તિ થતી નથી.**

☞ **(૨) પ્રસાદ એટલે શું?:** શબ્દકોશના આધારે અને સંપ્રદાયના નિયમોને આધારે વિચાર કરીયે તો પ્રસાદ એટલે પ્રભુએ કે ગુરુએ પ્રસન્નતા પૂર્વક કૃપા કરવા પોતે અંગીકાર કરેલી સામગ્રી✱ જે લેવાથી કે ગ્રહણ કરવાથી સેવક નું હિત જ થાય, તે સેવક સંસારમાં રહી માયાના પ્રભાવથી મુકત થઈ ભગવદાસકત થઈ ભકિત કરવા આગળ વધે, તેવી ગુરુની કે પ્રભુની ઈચ્છાવાળા અને ભાવવાળા વ્યવહારનું સ્વરૂપ તે પ્રસાદ.

☞ **સારગ્રહણ પ્રસાદ♠ માટેનો:** આમ પ્રસાદ બનતા પહેલાં તે સમર્પિત વસ્તુ સામગ્રી✱ હોવી જરૂરી છે (એટલે બ્રહ્મસંબંધી વ્યક્તિની પોતાની સત્તાની સમર્પિત હોવી જરૂરી છે.) તેનો અંગીકાર પ્રભુએ કે ગુરુએ કરેલો હોય અને તે સેવકને આપવા પાછળ તેમનો હેતુ તેને ગ્રહણ કરનાર દાસ કે સેવકના હિતનો હોય **જેના ફલ સ્વરૂપે તે સેવકની કે દાસની સંસારાસક્તિ છૂટે અને ભગવદાસક્તિ વધે તે જ હોય.**

શ્રીમદ ભાગવતમાં (૧૧/૬/૪૬), શ્રીઉદ્ધવજી જણાવે છે કેઃ *ત્વયોપભુક્તસ્રગ્ગન્ધ વાસોલંકાર ચર્ચિતાઃ । ઉચ્છિષ્ટ ભોજીનો દાસાસ્તવ માયાં જયેમહિ ॥૪૬॥* શ્રીમહાપ્રભુજી માટે જ જીવોને સમર્પિત જ લેવાનું જણાવે છે, આવો પ્રસાદ (અધરામૃત - ઉચ્છિષ્ટ) લેવાથી ક્રમશઃ ફલ સ્વરૂપે જીવની સંસારાસક્તિ છુટી જાય છે એટલે કે **માયાને તરી જાય છે** અને ભગવદાસક્તિ વધે છે. શાસ્ત્રોની અને ભાગવતની આ બધી વાતોને ધ્યાનમાં રાખીને જ શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ આપી

જીવને દાસ બનાવી નિવેદન કરાવી સમર્પિત જ લેવાનું કહે છે. આ થઈ સંપ્રદાય અંતર્ગત સામગ્રી❋ અને પ્રસાદ♠ ની વાતનું નિરાકરણ.

☞ **ગૃહસેવામાં નિવેદનનો આગ્રહ** સંપ્રદાય અંતર્ગત શ્રીઠાકોરજી સાથે સેવકે કેવી રીતે નિભાવવાનો હોય છે તે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથો ઉપર ની ટીકાઓ સાથે સરખામણી કરીને વિચારીશું. સામગ્રી❋ એટલે, પ્રભુને સ્વામી માનીને સમર્પણનાં ભાવથી પોતાની સત્તાનું જે ઉત્તમમાં ઉત્તમ હોય તેને, **સેવક દ્વારા** પ્રભુ તેમનાં સુખાર્થે ઉપયોગમાં લે તે માટે **કરાતું નિવેદન.** સંપ્રદાયમાં આ નિવેદનની **ક્રિયા સેવક દ્વારા બે પ્રકારે** થાય છે, અથવા **બે પ્રકારની ક્રિયા પ્રધાનતા** જોવા મળે છે.

(A) **સાક્ષાત ઉપયોગમાં આવે તે ભાવ,** શ્રીઠાકોરજીને ધરવામાં આવતી એવી વસ્તુઓમાં (સામગ્રીમાં) કરવામાં આવે છે જેનો અંગીકાર શ્રીઠાકોરજી કરી શકે. જેવી કે, ફલ ફુલ-અન્ન-વસ્ત્ર-પાત્ર વિગેરે જે પ્રકાર રોજનો શ્રીઠાકોરજીની સેવા અંતર્ગત સેવા ક્રમમાં ભોગ ધરવામાં વિગેરેમાં કરવામાં આવે છે.

(B) **પરોક્ષ ઉપયોગમાં લે તે ભાવનું** નિવેદન બે પ્રકારનું છે. (૧) જેમાં એવી વસ્તુ સામગ્રી જે ભગવદ્ પ્રીત્યર્થે ધરતા પહેલાં ઉત્તમ છે.કે નહિ તે તપાસવા સૂંઘવી કે ચાખવી પડે જેમાં કેરી, અત્તર, ખરબુજા સુંઘીને અને કાકડી, દુધી ચાખીને (ખરી કરીને) પહેલાં સન્મુખ ક્રવામાં આવે પછી યોગ્ય વિવેક વાપરીને સૂંઘવામાં કે ચાખવામાં આવે. (૨) જ્યારે સીધો સંબંધ-સેવકનાં પોતાના ઉપભોગ માટે કે ગૃહ ગૃહસ્થી માટે વાપરવાનું હોય ત્યારે, જેવાંકે (અ) સેવકનાં કપડા-બૂટ-ચપ્પલ-ચશ્મા-**સ્વાસ્થ સુધારવાની દવા**- વિગેરે. (બ) ઘણીવાર લૌકિક કે વૈદિક વ્યવહારિક પ્રસંગોમાં ઉપયોગ કરવી પડતી ચીજ-વસ્તુઓ. (ક) અચાનક ભગવદ્ ઈચ્છાથી આવેલા વૈષ્ણવોનું કે સગાસંબંધીનું અન્નાદિથી સમાધાન કરવાનુ થાય ત્યારે આ પરોક્ષ નિવેદનના પ્રકારનો ઉપયોગ થાય છે. **(આ ક્રમ વિકલ્પ રૂપે આપ્યો છે જેથી અસમર્પિતનો ત્યાગ**

**નભે અને બીજી સામગ્રી અર્ધભુક્ત ના થઈ જાય અને અનન્યતા ટકી રહે.)**

આ ક્રિયા ઉપર જણાવેલ કારણોમાટે ઉપયોગમાં લેવા માટેની વસ્તુ, શ્રીઠાકોરજીની 'સંમતી લેવી' અથવા 'સન્મુખ કરવું અને લેવું' વાળા ભાવથી તૈયાર થાય છે. પછી તેમાં ચરણામૃત પધરાવીને કે પ્રસાદી અધરામૃત પધરાવીને પણ ઉપયોગમાં લેવાય તેવો પ્રકાર જોવા મળે છે. બંને પ્રકારથી શ્રીમહાપ્રભુજી સિધ્ધાંતરહસ્યમ્ ગ્રંથમાં જણાવે છે તે પ્રમાણે, *સર્વેષાં બ્રહ્મતા તતઃ.....* **બધી સામગ્રીમાં શુદ્ધતા (બ્રહ્મત્વ) આવે છે દોષરહિત થઈ જાય છે.**

આ પ્રકાર સામગ્રી ધરવાનો પરોક્ષ ભાવનો થયો. જેમાં ક્રિયા પોતાનાં શ્રીઠાકોરજીની સન્મુખ અથવા મંદિરની સન્મુખ સંપ્રદાય અંતર્ગત કરાતી હોય છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આના ઉદાહરણ મળી શકે છે. ગોવિંદ દાસ ભલ્લાની વાર્તામાં આવે છે શ્રીનાથજીનાં ધજાને ભોગ દૂરથી સમર્પીને લેતા, રામદાસજીએ તેમનાં ગામમાં (થાનેશ્વરમાં) રહીને શ્રીનાથજીને જલેબી ધરી, દિનકરદાસ શેઠ ચરણામૃત પધરાવીને લેતા... વિગેરે ઉદાહરણ આ પરોક્ષ પ્રકારના છે.

**સાર ગ્રહણઃ** અનિવાર્ય સંજોગોને આધીન થઈ આ ક્રિયા સંપ્રદાય અંતર્ગત વિકલ્પ રૂપે જ સ્વીકારાયેલી છે અથવા બતાવેલી છે. આવું કરવાથી (૧) તે વસ્તુ અધરામૃત થતી નથી પરંતુ પદાર્થમાં રહેલા દોષોની નિવૃત્તિ થાય છે. (૨) આવું સમર્પણ કરવાથી સેવકનો દાસભાવ અને પ્રભુનું સ્વામિત્વ અખંડિત રહે છે. (૩) સમર્પિતનો ભાવ જળવાઈ રહે છે અને બાકી રહેલું અર્ધભુક્ત થતું નથી.

જો દ્રઢભાવ હોય અથવા શ્રીઠાકોરજીની સાનુભવતા હોય તો, શ્રીઠાકોરજીને જગાડીને પણ ભોગ ધરી શકાય. જેમ રૂક્ષમણીજીએ પુરુષોત્તમદાસ શેઠે લાવેલા રીંગણ શ્રીઠાકોરજીની આજ્ઞાથી અડધી રાતે જગાડી ભોગ ધરી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો તે રીતે. **(શેઠે અને રૂક્ષમણીજીએ આ વાત ગુપ્ત રાખી છે** – ૮૪ વૈષ્ણવોની વાર્તા - ૬ પ્રસંગ - ૧૦)

૮૪ વૈષ્ણવોની વાર્તા - ૮ પ્રસંગ - ૧ ગદાધરદાસજીએ આખો દિવસ સેવા જલથી નિભાવી છેક મોડી રાતે-તૈયાર સામગ્રીની વ્યવસ્થા થઈ-શ્રીઠાકોરજીને જગાડીને ભોગ ધર્યો-વૈષ્ણવોને તે પ્રસાદ લેવડાવી દીધો-પોતે નથી લીધો-પોતે ભૂખ્યાજ રહ્યા છે. **(પોતાનો ભાવ ગુપ્ત જ રાખ્યો છે વૈષ્ણવોને જણાવ્યો નથી.)**

## વિચારણીય પ્રસંગ

એક વૈષ્ણવ બહેન (કાલ્પનિક નામ હર્ષાબેન રાખીયે) અમેરિકા જઈને આવ્યા હતા અને પોતે **'મન-ઘડંત'** સત્સંગની વાતો કરતા હતા. તેમણે જણાવ્યું કે **સામગ્રી** એટલે શ્યામ (સામ) તારા ચરણોમાં ગરી (ગરી એટલે આવી). **પ્રસાદનો** અર્થ સમજાવતા હતા કે, **'પ્રઃ** પ્રભુનાં, **સાઃ** સાક્ષાત, **દઃ** દર્શન' **(પ્રભુનાં સાક્ષાત દર્શન)**. જ્યારે પ્રસાદ હાથમાં લઈએ ત્યારે આવો ભાવ કરવાનો અને પછી પ્રસાદ લઈ લેવાનો. હવે જો તે ખાઈ જવામાં આવે તો શું ખાધું? એવો પ્રશ્ન વિચારીએ તો જવાબ **ભગવાનને ખાધા** તેવો આવે. **આવો ભગવાનને ખાવાનો ભાવ અઘાસુર બકાસુર જેવા અસુરને આવે, ભક્તને નહિ.** તેમણે વૈષ્ણવોને કહયું કે, શ્રીઠાકોરજીનાં ચરણાવિંદમાં **'દલ'** સમર્પીયે છીયે તેનો ભાવ શું છે તે ખબર છે? તેમણે સમજાવતા જણાવ્યું કે **દઃ** એટલે દમલાજી **લઃ** એટલે લઈ જાય છે. જીવને દમલાજી લઈ જાય છે. માટે દલનું સમર્પણ કરવાનું. (હવે હર્ષાબેને વિચારવાનું કે શું શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી પણ આજ કારણથી 'દલ' ચરણારવિંદમાં સર્મપતા હતા?)

આવા અક્ષરોને ગોઠવીને સંપ્રદાય વિરુદ્ધ 'મન-ઘડંત' શબ્દો ગોઠવવા અને તેનો કલ્પિત અર્થ પ્રકટ કરવો વિગેરે શ્રીમહાપ્રભુજીને માન્ય નથી માટે આપશ્રી જણાવે છે કે, ***વિરુદ્ધકરણં નાસ્તિ...... કલ્પિતૈરે*** ***બાધઃ સ્યાદ્...... ॥ ૨૨૫ ॥* (સાધન પ્રકરણમ્).**

(આવા પ્રસંગો જ્યારે જાણવા મળે ત્યારે ઘણાં વરસો પહેલા **'પ્રિ** **પિયુ અને પાનેતર'** નાટક જોયું હતું તે યાદ આવ્યું. તેમાં કલાકા 'બાબલો' એમ જણાવે છે કે હું ભગવાનને **'બબુચક'** નામથી બોલાવુ

છું. બીજા કલાકારે કહ્યું કે ભગવાનને બબુચક ન કહેવાય. બહુ રકઝક પછી બાબલાએ ખુલાસો કર્યો. 'બઃ એટલે બળિયા બાપા, બુઃએટલે બુદ્ધ ભગવાન, ચઃ એટલે ચકલેશ્વર મહાદેવ અને કઃએટલે કરસન ભગવાન.' આમ, બધા ભગવાનને ભેગા બોલાવવા એટલે 'બબુચક' થાય કે નહિં?)

આવું જ જો આપણે - પ્રસાદનું, **પ્રસાદઃ** પ્રભુનાં સાક્ષાત દર્શન અને **દલઃ** દમલાજી લઈ જાય છે. ને સત્સંગ માનીએ તો આપણે સંપ્રદાયમાંથી બહિર્મુખ થઈ જશું. શું સત્સંગમાં આવા શબ્દોના અર્થો યોજવાથી કે જોડકણાં બેસાડવાથી શ્રીમહાપ્રભુજી, શ્રીઠાકોરજીની કે સત્સંગની મહત્તા વધે ખરી? આવો સત્સંગ એ દુઃસંગ જ છે. બહિર્મુખ કરનારો છે. **આ બધુ સત્સંગ સાંભળનારે સમજવાનું અને વિચારવાનું છે.**

☞ **(૩) અધરામૃતઃ** અધરામૃત એટલે અધર્ + અમૃત (શબ્દકોશમાં અમૃત એટલે અમર-અવિનાશી, અધર એટલે ઓષ્ટ-હોઠ) અધરને સ્પર્શ થયેલો પદાર્થ કે ચીજવસ્તુ, શ્રીઠાકોરજી **પૂર્ણ-પુરુષોત્તમ** છે, આપનું આખું શ્રીઅંગ અમૃત મય છે. માટે અધરને સ્પર્શ થયેલી વસ્તુ કે પદાર્થ જેને ગ્રહણ કરવાથી **ભગવદ્ ઈચ્છા હશે તો** આપણામાં ક્રમશઃ સદ્ભાવ સદ્વાસના સદ્વિચાર જીવન પર્યંત અવિનાશી થઈ ક્યારેય મૃત ન થાય નાશ ન પામે. (જેના ફલ સ્વરૂપે ફરીવાર આ જગતમાં જન્મ ન લેવો પડે અર્થાત્ અમર અવિનાશીપણું પ્રાપ્ત થાય. આવો જ ભાવ ચરણામૃતનો સમજવો.)

આમ સંપ્રદાય અંતર્ગત, પ્રભુ તે જ પદાર્થને સામગ્રી તરીકે સ્વિકારે છે જે, સમર્પણ અંતર્ગત નિવેદીત કરેલી હોય, એટલે જીવની પોતાની સત્તાની હોય-ઉત્તમમાં ઉત્તમ હોય-પ્રભુનાં સુખાર્થે પોતાના જ ઘરમાં-પોતાના શ્રીઠાકારજીને ધરવામાં આવે. આવી સામગ્રીને ઠાકોરજી શાસ્ત્રમાં પોતે કહેલા વચનો અનુસાર અને સિદ્ધાંતરહસ્યમ્ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા પ્રમાણે દોષની નિવૃત્તિ કરી, સેવક કે ભક્તના હિતમાં અધરામૃત સ્વરૂપે કે પ્રસાદ સ્વરૂપે પ્રગટ કરે છે.

આ પ્રસાદ કે અધરામૃત લેવાથી શાસ્ત્રાજ્ઞાનુસાર તેને ગ્રહણ કરનાર સંસાર-સાગરને તરવા માટે સક્ષમ બને છે અર્થાત્ તે પ્રસાદ ગ્રહણ

કરનાર, સંસારાસકત નથી થતો-માયાને આધીન નથી થતો પણ ભગવદાસક્ત બને છે. એટલા માટે જ શ્રીમહાપ્રભુજીનો આગ્રહ સંપ્રદાય અંતર્ગત સેવકોને એ જ છે કે અસમર્પિતનો ત્યાગ કરો. (અસમર્પિત વસ્તુનામ...... સિધ્ધાંત રહસ્ય) **(આજ વાત ભાગવતમાં છે જુઓ પાનું ૨૯)**

આ થઈ અધરામૃત પ્રસાદ માટેની સંપ્રદાય અંતર્ગત સમજ. જે પ્રસાદનું 'મહત્ત્વ' જાહેરમાં વાતો કરીને, લેખો લખીને આપણે વધારીયે છીયે અને કહિયે છીયે કે **પ્રસાદ લેવાથી બુધ્ધિ સુધરે વિગેરે આપણાં મનની ભ્રાંત વિચાર સરણી છે.** કેમકે, શ્રીમહાપ્રભુજી ક્યાંય 'પ્રસાદ' લેવાથી **બુધ્ધિ સુધરશે તેવી વાત નથી કરતા.** કારણકે બુધ્ધિ સુધરે છે ભગવદ્ ઈચ્છાથી ભગવત્કૃપાથી. નહીં તો શ્રીગુસાંઈજીના સેવક એક શેઠની વાર્તામાં આવે છે. તેઓ બીજા જન્મે સાપ થયા, કૂતરા થયા, કીડા થયા... રૂપા પોળિયા જેવા વૈષ્ણવને કૂતરાનો અવતાર મળ્યો, કેમ? માટે **પ્રસાદથી બુદ્ધિ સુધરશે** તેમ ન માનવું આ સમજવા માટે પ્રસંગો જોઈએ.

**પ્રસંગ - ૧:** વાસુદેવ દાસ છકડા ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક 
૩૮માં અને નિજવાર્તા ઘરૂવાર્તામાં, શ્રીમહાપ્રભુજી પોતાનાં જ અડેલન
ઘરની વાત જણાવે છે. એક વાર ઘરમાં સામગ્રી ખલાસ થઈ ગઈ હતી
સામગ્રી લાવવા દ્રવ્ય ન હતું. ભીતરીયાજીએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કર
કે સામગ્રી માટે શું કરશું? શ્રીમહાપ્રભુજીએ સોનાની કટોરી
શ્રીઠાકોરજીની હતી તે ગીરવી મૂકી સામગ્રી લાવવા જણાવ્યું. તે સોના
કટોરી શ્રીઠાકોરજીની હતી તેથી લાવેલી સામગ્રી બધી જ દેવદ્રવ્ય
થઈ. શ્રીમહાપ્રભુજીએ તેનો ભોગ ધર્યો પરંતુ પોતે અધરામૃત સ્વરૂપે લી
નથી, કુટુંબના સભ્યોને અને વૈષ્ણવોને આપ્યું નથી. બધું જ ગૌ ગ્રાસ
અને યમુનાજીમાં પધરાવી દીધું અને બધા જ ભૂખ્યા રહ
શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું કે *'સોનેકી કટોરી શ્રીઠાકોરજીકી હતી*
*દેવદ્રવ્ય હતો વાકો પ્રસાદ નાહી લીયો જાય. મેરો વ્હેકે જો દેવ દ્ર*
*ખાયેગો સો મહાપતિત વ્હે જાયેગો, મેરો નાહી કહાવેગો. મેરો સ*
*વ્હેગો વો કબહુ દેવદ્રવ્ય નાહીં ખાયેગો.'* આવો પ્રસાદ લેવાથી
મહા-પતિત થઈ જાય છે અને સંપ્રદાયમાંથી બર્હિમુખ થઈ જાય છે.

**'અહીંયા સાક્ષાત શ્રીમહાપ્રભુજી એ ધરેલી સામગ્રીનો,** પોતે જ સરાવેલો **પ્રસાદ નથી લેવાતો** તે સમજાવ્યું.' કેમકે તે સામગ્રીમાં વપરાયેલું દ્રવ્ય શાસ્ત્રની દ્રષ્ટિથી દેવદ્રવ્ય હતું. **(દેવદ્રવ્યનો વિચાર વિસ્તૃત રીતે પાના નંબર - ૪૪ થી ૫૪ ઉપર કર્યો છે.)**

**પ્રસંગ - ૨:** શ્રીગુસાંઈજીના ખવાસનો જે પ્રવાસમાં શ્રીઠાકોરજીનો ઘરેણાનો બંટો સાચવતો. એકવાર આ ખવાસે-શ્રીગુસાંઈજીએ રાજભોગમાં ધરેલું રીંગણનું શાક બહુ ભાવતું હોવાથી-માંગી માંગીને પ્રસાદી શાક ખાધું-બપોરનાં અનોસરનાં સમયમાં વિચાર આવ્યો કે આખી જીંદગી ખવાસી કરીશ તો આ બંટાના ઘરેણા જેટલા પૈસા ભેગા નહીં થાય તેનાં કરતાં આ બંટો લઈને જ ભાગી જઉં. આવો વિચાર કરી-બંટો લઈને ભરબપોરે ભાગ્યો. ૨-૩ કલાકની દોડધામ પછી તેને ખરચુ (નિપટવા-સંડાસ) જવાનું લાગવાથી ગયો. આચાર શુદ્ધિને લીધે નદી-તળાવ પર ન્હાયો-ચરણામૃત લીધુ. સંડાસમાં રીંગણનો અંશ નીકળી ગયો. ચરણામૃત લીધુ તેથી તેની બુદ્ધિ, ભગવત્કૃપાથી શુદ્ધ થઈ અને વિચાર આવ્યો કે મેં આ શું કર્યું? હમણાં ઠાકોરજીને ઉત્થાપન શ્રીગુસાંઈજી કરાવશે-પછી બંટો માંગશે મને નહી જુએ તેથી બધાને ખબર પડી જશે તે પહેલાં હું પાછો જાઉં-દોડીને પાછો આવ્યો-શ્રીગુસાંઈજી આગળ આવીને ઉભો રહ્યો-બધી વાત કરી.

શ્રીગુસાંઈજીએ કહ્યું-'શાસ્ત્રમાં રીંગણનો દોષ બતાવેલ છે અને તાતચરણની (શ્રીમહાપ્રભુજીની) આજ્ઞા છે કે **'શ્રીઠાકોરજીએ (શ્રીજગન્નાથજીએ) પોતે રીંગણ ધરવાનું કહ્યું છે તેથી રીંગણ ધરવા, પણ તેનો પ્રસાદ વિવેક બુદ્ધિ રાખીને લેવો, જેથી રીંગણનો દોષ ન લાગે, નહીં તો રીંગણ તેનો દોષ બતાવ્યા વગર રહેશે નહીં'**. 'તેં આજે રીંગણનું શાક માંગી માંગીને ખૂબ ખાધું તેથી તેનો દોષ પ્રકટ થયો તારી બુદ્ધિ બગડી.' **શ્રીગોકુલનાથજી** પણ વચનામૃતમાં જણાવે છે કે **ચાતુર્માસમાં અને દર મહિનાની તેરસે રીંગણ નિષેધ છે, માટે ઠાકોરજીને ન ધરવા.** કદાચ ધરવાનો પ્રસંગ આવ્યો હોય તો વિવેક પૂર્વક થોડુંક પ્રસાદીમાં ગ્રહણ કરી બીજું બધું ગૌ ગ્રાસમાં પધરાવવું. આમ ભગવદ્ આજ્ઞા - ગુરુઆજ્ઞાનું વિવેકપૂર્ણ પાલન કરવું.

**'અહીંયા સાક્ષાત શ્રીગુસાંઈજીએ-શુદ્ધ સમર્પિત દ્રવ્યનો ભોગ પોતાનાં શ્રીનવનિતપ્રિયાજીને ધર્યો છે-શ્રીગુસાંઈજીએ પોતે સરાવ્યો છે તો પણ રીંગણનો દોષ દૂર ન થવાથી બુધ્ધિ બગડી છે.'** આ બન્ને પ્રસંગો પરથી સાબિત થાય છે કે **સામગ્રી જો શાસ્ત્ર આજ્ઞા વિરુદ્ધની** હોય અને **શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી ધરે છે તો પણ તેનો દોષ પ્રસાદીમાંથી દૂર થતો નથી.**

**પ્રસંગ - 3:** એક વધુ વાત ૨૫૨ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક - ૭૧ લઈએ. વાર્તા છે, એક વિરક્ત વૈષ્ણવની જેને પ્રસાદમાં કીડા દેખાયા. વાર્તામાં સ્પષ્ટ આવે છે કે બે વિરક્ત વૈષ્ણવો-ફરતા ફરતા એક ગામમાં આવે છે એક ઘરડાંમાજી વૈષ્ણવને ત્યાં ઉતરે છે. ગામનાં એક દ્રવ્ય સંપન્ન વૈષ્ણવ બધાને, પોતાના ઘરે ઉત્સવ પ્રસંગ હોવાથી પ્રસાદ લેવાનું નિમંત્રણ આપે છે. આ બન્ને વૈષ્ણવો બહારગામનાં હોવાથી ખાસ આગ્રહ કરે છે. રાજભોગ સરાવ્યા પછી આરતી કરી, બધાને પ્રસાદ લેવા બેસાડે છે. વિરક્ત વૈષ્ણવને ભગવદ્ ઈચ્છાથી પ્રસાદી પાતળમાં કીડા દેખાયા. તેણે સાથેનાં વિરક્તને કહ્યું કે **'પ્રસાદમાં કીડા દેખાય છે વિપરીત લાગે છે'** બીજા વિરક્તે જણાવ્યું 'ના બધુ બરાબર છે, પ્રસાદ લેવા યોગ્ય છે' **પહેલા વિરક્ત વૈષ્ણવ, બહાનું કાઢી લાગ જોઈ જતા રહ્યા** અને પોતાનો સામાન લઈ ગામમાંથી વિદાય લઈ લીધી. **ગામનાં બધા વૈષ્ણવોએ પ્રસાદની ખુબ ખુબ સરાહના કરી પ્રસાદ લીધો-કોઈને કીડા દેખાયા નથી.** બીજા વિરક્તને રાતના સપનામાં એવું દેખાયું કે તેણે લોહિ માંસ તુલ્ય બેટીનું દ્રવ્ય ખાધું છે. (વાર્તા જોવી)

**વિચારણીય પ્રશ્નો:** (૧) આ બધા વૈષ્ણવો સેવકો કોનાં હશે? (૨) કેમ બધાને કીડા નથી દેખાયા? **જવાબ:** આ બધા જ વૈષ્ણવો, ક્યાં તો શ્રીમહાપ્રભુજીનાં કે શ્રીગુસાંઈજીનાં સેવકો હશે. તેમને કીડા ન દેખાયા તેનું કારણ **તે બધાનું આચરણ શ્રીઠાકોરજી કૃપા કરે તેવું નહીં હોય, એટલે તેમના જીવનમાં અનાચારને પ્રાધાન્યતા હશે અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન નહિ કરતા હોય** માટે. વાર્તા વાંચવાથી જાણવા મળે છે ખરેખર! તો પિતાએ દિકરીનાં (હક્કનાં) પૈસા પર-પોતાનો હક્ક જમાવી તે પૈસાથી મનોરથ કરાવ્યો હતો-ગામમાં વાહવાહ થાય માટે બધાને પ્રસા લેવડાવ્યો હતો.

આમ, (૧) શ્રીમહાપ્રભુજીનાં વચન અનુસાર દેવદ્રવ્યનો પ્રસાદ લેવાથી નરકમાં જવાય છે. (૨) ગ્રહણનો પ્રસાદ લેવાથી અધઃપતન થાય છે. (૩) બ્રાહ્મણ શાસ્ત્ર શુદ્ધ પ્રકારે કાર્ય ન કરતો હોય તો તેના દ્રવ્યનો પ્રસાદ ખાવાથી દોષ લાગે છે. (૪) સમર્પિત ન હોય તેવું અન્ન શ્વાન વિષ્ટા બરાબર થઈ જાય છે. (૫) શાસ્ત્ર નિષેધ હોય તે પદાર્થ અભક્ષ્યા-ભક્ષ્યનો દોષ કરનાર બને છે. વિગેરે વિગેરે. આ બધું આપણે સમજવું પડશે.

☞ **સંપ્રદાય સારઃ** આમ આપણે ત્યાં (૧) દેવદ્રવ્યનો પ્રસાદ (૨) ગ્રહણનો પ્રસાદ (૩) શાસ્ત્ર વિરુદ્ધ આચરણથી કમાયેલ દ્રવ્યનો પ્રસાદ (૪) શાસ્ત્ર વિરુદ્ધ આવેલી સામગ્રીનો પ્રસાદ (૫) શ્રીઠાકોરજીને પરિશ્રમ દૂર કરવા માટે ધરેલા પરિશ્રમ ભોગનો પ્રસાદ. વિગેરે શ્રીઠાકોરજીનો પ્રસાદ છે છતાં પણ લેવાનું નિષેધ છે જો લેવામાં આવે તો **ગુરૂ-આજ્ઞા (શ્રીમહાપ્રભુજીની આજ્ઞા)-ભગવદ આજ્ઞા-શાસ્ત્રની આજ્ઞા ઉલ્લંઘનનો દોષ લાગે છે શ્રીહરિરાયજીએ ૩૫માં અપરાધમાં જણાવ્યું છે તે પ્રમાણે અસિપત્ર વગેરે નામોવાળા ઘોર નરકમાં તે વૈષ્ણવોનો પાત થાય છે.**

**હવે વિચારો કે, શું પ્રસાદ લેવો જ જોઈએ, આવું સમજાવનાર હર્ષાબેન (પ્રભુનાં સાક્ષાત દર્શન) કહે તે સાચું કે, સંપ્રદાયનાં સિદ્ધાંત સભર નિર્ણયો સાચા? આ બધું વાંચનાર અને પ્રસાદ ખાવાનો આગ્રહ રાખનાર વૈષ્ણવ ઉપર ભગવદ્ ઈચ્છાથી છોડી દેવું પડે. પ્રસાદ લેનારે વિચારવાનું છે કે, કઈ વસ્તુ? ક્યારે? પ્રસાદ તરીકે લઈ શકાય? બુદ્ધિ શ્રીઠાકોરજીની કૃપા હશે તો જ સુધરશે નહીં કે પ્રસાદ લેવાથી.**

☞ **(૪) અર્ધભુકતઃ** આગળ જોયું કે સંપ્રદાય અંતર્ગત દરેક સમર્પિત વસ્તુનો ઉપયોગ આપણે એટલે કે સેવકે શ્રીઠાકોરજીને પ્રત્યક્ષ કે પરોક્ષ નિવેદન કર્યા પછી કરવાનો છે. પણ જો કોઈ સેવક પોતાના અંગત સ્વાર્થ કે સુખ માટે કોઈપણ વસ્તુનો ઉપયોગ અથવા ઉપભોગ શ્રીઠાકોરજીને (સાક્ષાત કે પરોક્ષ) ધરતાં પહેલાં કરે છે અથવા મનથી તે ભાવ પણ કરે છે તો તે વસ્તુ કે સામગ્રી અર્ધભુકત બને છે. કેમકે, તે પદાર્થમાં જે કાંઈ પણ આનંદ છે તે ઉપભોગ કરનારે પહેલાં લઈ લીધો છે.

આવી દરેક વસ્તુ અર્ધભુકત કહેવાય છે. જો આપણે ઠાકોરજીને ધરીએ છીએ તો શ્રીઠાકોરજી અંગીકાર કરતાં નથી, અપ્રસન્નતા બતાવે છે અને ધરનાર અપ્રિય બની જાય છે. શ્રીમહાપ્રભુજીએ સિદ્ધાંત રહસ્યમ્ ગ્રંથમાં જણાવ્યું છે, ***ન મતં દેવદેવસ્ય સામિભુક્ત સમર્પણમ્....***

આ વિષયની સ્પષ્ટ જાણકારી મળે એટલા માટે ૮૪-૨૫૨ વૈષ્ણવના પ્રસંગો જોઈશું. (૮૪-૨૫૨ પુસ્તકમાં વાંચવાથી હકિકત સમજાશે.)

**પ્રસંગ - ૧:** ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૩ પ્રસંગ - ૧ દામોદરદાસ સંભલવાળાના પ્રસંગમાં જુઓ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે, **'ઉતર્યો પરકાલો ન સમર્પીયે'.....** (વાર્તામાં વિગતવાર જોવું.)

**પ્રસંગ - ૨:** શ્રીગુસાંઈજીની સેવકની-ડોકરી બાજરીના દાણાવાળો પ્રસંગ તેમાં શ્રીગુસાંઈજી કહે છે કે **'બાઈ આખા વરસમાં એક સાડલો જો તું નવો લાવે તેમાંથી એક વેંત જેટલો ટુકડો પહેલાં ફાડીને પછી તું પહેરજે, અને એ ટુકડામાંથી આખા વરસનાં શ્રીઠાકોરજીના વસ્ત્રો થઈ જશે.'** (૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૧૯૫)

**પ્રસંગ - ૩:** શ્રીગુસાંઈજીની આજ્ઞાથી ચાચા હરિવંશજી એક વાર જંગલમાંથી પસાર થતા ભીલ લોકોના ગામમાં આવ્યા, માં-વહુનો આગ્રહ જોઈ તે ભીલ સ્ત્રીઓને બ્રહ્મસંબંધ આપી ઠાકોરજી પધરાવી આપ્યા, સેવાની રીતિ બતાવી પોતે આગળ ગયા. વાર્તામાં આવે છે કે શ્રીઠાકોરજીએ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી કે આ સેવક ભીલડીઓ મને રસોઈ ચાખીને ધરે છે આવું અર્ધભુકત થઈ જવાથી શ્રીઠાકોરજી અરોગતાં નથી-પરિશ્રમ પડે છે. તેવું શ્રીગુસાંઈજીએ ચાચાજીને જણાવ્યું અને ચાચાજીને ફરી વાર તેમને સુધારવા માટે મોકલ્યા. (૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૩ પ્રસંગ - ૨)

**પ્રસંગ - ૪:** ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૨૧૨, શ્રીગુસાંઈજીન સેવક મહાવનના ચહુડાની વાર્તામાં આવે છે કે ચહુડાએ તે **બ્રાહ્મણો** **શાસ્ત્રવચનો ટાંકીને કહ્યું** કે તમારા બ્રાહ્મણ રસોઈયાએ ચુલાને ફૂંકીને

સળગાવ્યો હોવાથી અગ્નિ છોવાઈ જાય છે અને તેના પર કરેલી રસોઈ જૂઠણ થઈ જવાથી **અર્ધભુક્ત થાય છે માટે ભગવાન તેને અંગીકાર કરતાં નથી.** (આ વાત શ્રીગુસાંઈજીના ઘરના ઓટલા ઉપર બેઠેલા ચહુડાને, ત્યાંથી દૂર બગીચામાં તંબુની આડાસ-ટેરામાં રસોઈ કરતાં રસોઈયાની કેવી રીતે ખબર પડી હશે.) આ છે, **આચાર વિચારનો આગ્રહ રાખતા ચહુડા ઉપર શ્રીમહાપ્રભુજીની શ્રીગુસાંઈજીની કૃપા.**

આવી આચાર વિચારના આગ્રહની વાર્તા અંતર્ગત એવી છૂટ સંપ્રદાયમાં આપણને મળે છે કે શ્રીઠાકોરજીને લાયક સામગ્રી ઉત્તમ છે કે નહિ તે સુંઘીને કે ચાખીને કરી શકાય છે. ઉદાહરણરૂપે કેરી, અત્તર, ખરબુજા સુંઘીને કાકડી, દુધી ચાખીને (ખરી કરીને) જે યોગ્ય વિવેક વાપરીને આચરવાની હોય છે. **(અહીંયા સન્મુખ કરીને શ્રીઠાકોરજીને લાયક છે કે નહિ? તે તપાસવાનો ભાવ રાખવામાં આવે છે.)** આમ અર્ધભુક્ત સામગ્રી ન થઈ જાય માટે પરોક્ષ કે પ્રત્યક્ષ નિવેદન કરવાની હોય છે. (જેની ચર્ચા પાના નંબર ૩૦(B)માં કરી છે.)

વાર્તામાં આવે છે કે સામગ્રી પર, સેવક ન હોય તેવાની અથવા પોતાના ઉપયોગમાં લેવાની ઈચ્છા કે ભાવવાળી સેવકની દૃષ્ટિ પડી જાય તો પણ સામગ્રી અર્ધભુક્ત થાય છે અને છોવાઈ જાય છે. શ્રીઠાકોરજી અરોગતા નથી. જુઓ પ્રસંગ ગંગાબાઈનો ૮૪ વૈષ્ણવોની વાર્તા ક્રમાંક - ૮૪ પ્રસંગ - ૭ શ્રીઠાકોરજી ભૂખ્યાં જ રહે છે અને ગુસાંઈજીને જણાવે છે તેમણે રાજભોગ ધર્યો પણ પોતે અરોગ્યા નથી.

**પ્રસંગ - ૫:** ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક - ૩૮ પ્રસંગ માપણીવાળાનીમાં આવે છે કે તે વૈષ્ણવ ડોકરી બહાર ઓટલા ઉપર બેસીને ચોખા વીણતી હોય છે **શાક્ત માપણીવાળાની** દૃષ્ટિ પડવાથી તે ચોખા વીણવાની ક્રિયા વિશે સેવા સંબંધી વાતચીત કરે છે. આમ કરવાથી બધું છોવાઈ જાય છે જીવ બહિર્મુખ થઈ જાય છે અને સંપ્રદાય વિરુદ્ધ આચરણ કરે છે.

**☞ માટે સંપ્રદાયમાં એવો પ્રકાર જોવામાં આવે છે કે** (૧) શ્રીઠાકોરજીની સામગ્રી ભીતરમાં થવી જોઈએ બહારના કોઈ (જેઓ સેવામાં ન્હાતા નથી તેવા ઘરના વૈષ્ણવો પણ) જાણી ન જાય તેટલા

માટે (૨) સામગ્રીનું નામ પણ બદલીને બોલવામાં આવે છે જેથી સામગ્રી જાહેર ન થઈ જાય. ઉદાહરણ રૂપે 'આંકડાની સામગ્રી' 'ઢાળાની સામગ્રી' 'વેલવાની સામગ્રી' 'ભેરીની સામગ્રી' વિગેરે વિગેરે કેમકે, અન્ય વ્યક્તિ સામગ્રી સાંભળી જાય અને તેના મનના વિચારથી અર્ધભુક્ત થઈ શકે છે. (૩) શ્રીઠાકોરજીને ભોગ ન આવ્યો હોય ત્યાં સુધી સામગ્રીના છીલકા છોડા વગેરે બહારનાની દષ્ટિ ન પડે તેથી દૂર રાખવામાં આવે. **આ બધું શ્રીઠાકોરજીના સુખ માટે હોવાથી સ્નેહપ્રધાન છે.** (જેમ નાના બાળકને દૂધ પીવડાવતી વખતે માતા બાળકને ઢાંકી દે છે. અથવા બાટલીને ઢાંકી દે છે.-'નજર ન લાગે' તેવી આ સ્નેહપ્રધાન ક્રિયા છે.) (૪) માટે જાહેરમાં ઓટલા ઉપર બેસીને કે ચોકમાં જતા આવતા બધાંને દેખાય તે રીતે શાકભાજી વગેરે સિદ્ધ ન કરવા જોઈએ. (૫) વાતો કરતા કરતા સામગ્રી તૈયાર ન થાય, કેમકે થૂંકના છીંટા ઉડી શકે છે. (૬) કોઈને સીધી કે આડકતરી રીતે સામગ્રી શું બનાવવાની છે વિગેરેની ચર્ચા જાહેરમાં કે ટેલીફોન ઉપર ન કરાય. આ વિવેક રાખવો જોઈએ. કેમકે આવી ક્રિયાથી સામગ્રી ધરતાં પહેલાં જ અર્ધભુકત (સામિભુકત) થઈ જાય છે.

શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતરહસ્યમ્ ગ્રંથમાં જણાવે છે, **ન મતં દેવ દેવસ્ય સામિભુક્ત સમર્પણમ્.** હવે વિચાર આપણે કરવાનો કે શું જાહેરમાં થતી સેવામાં (૧) કોઈના દ્રવ્યની લાવેલી વસ્તુ સામગ્રી બની શકે છે ખરી? કેમકે સામગ્રી પોતાના ઠાકોરજી માટે પોતાના નિવેદિત સમર્પિત દ્રવ્યની હોવી જોઈએ. (૨) તે સામગ્રી ન હોવાથી ઠાકોરજી અંગીકાર કરતાં નથી તો શું પ્રસાદ બની શકે છે? કિશોરીબાઈનો પ્રસંગ વિચારવો. (૩) ઉપ જણાવ્યા પ્રમાણે જાહેરમાં થતી સેવામાં સામિભુકત-અર્ધભુક્તનો પ્રકા બનતો હોવાથી શું ઠાકોરજી અંગીકાર કરે ખરા?

સંપ્રદાયમાં સામગ્રી-પ્રસાદ-અધરામૃત-અર્ધભુકત વિગે શ્રીમહાપ્રભુજીની અને શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે ગણાય. **જો તેમન આજ્ઞાનું ઉલ્લઘંન ન થતું હોય તો કોઈપણ બ્રહ્મસંબંધી વ્યક્તિની આજ્ઞા પ્રમાણ માની શકાય.** એટલેકે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની આજ્ઞા **વિરુદ્ધ કોઈ કહેતું હોય તો અપ્રમાણ થઈ જાય,** તેવી આજ્ઞા માનવી જોઈએ તે વિવેક છે.

☞ **(૫) જુઠણનો પ્રકારઃ** સંપ્રદાયમાં જુઠણ માટે પરસ્પર વિરોધી અર્થ વાળા વાકયો પ્રાપ્ત થાય છે. જેમકે, જુઠણ ખાવાથી, લેવાથી બહિર્મુખતા આવે છે. અને જુઠણ હંમેશા લેવું જોઈએ તો જ દીનતા આવે અને તો જ શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજી કૃપા કરે **આવા વાકયો સમજવા માટે વિવેક બુદ્ધિપૂર્વક વિચાર કરવો પડે.**

જુઠણ કયું લેવાય અને કયું ન લેવાય તેનો વિચાર વિવેકપૂર્વક બુદ્ધિથી કરવાનો હોવાથી જુઠણ એટલે શું સમજવું પડશે. સૌ પ્રથમ જુઠણ એટલે સ્વેચ્છાએ ઉપભોગ કર્યા પછી તેનો આનંદ લીધા પછી વધેલું અથવા બાકી રહેલું એવો અર્થ થાય. આગળ પાના નં. ૪ ઉપર* આપણે જોયું કે શ્રીહરિરાયજી વાર્તાના ભાવપ્રકાશમાં કહે છે (૧) જેને શ્રીમહાપ્રભુજીનો આશ્રય નથી (અન્યાશ્રય છે) (૨) શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન નથી કરતો તે (૩) અને ઉપર (૧), (૨) માં બતાવ્યા પ્રમાણે જેઓનું વર્તન છે તેમનો જે આશ્રય કરે છે તે બધા બહિર્મુખ-અન્યાશ્રયી થઈ જાય. **તેમના મુખેથી સત્સંગ સાંભળીએ તો (ભલે તે બ્રહ્મસંબંધી હોય) તેમનું જુઠણ કાન દ્વારા હૃદયમાં જાય છે તેથી સાંભળનારને બહિર્મુખ કરે છે.** આમ ફકત ખાવામાં નહિં પણ સાંભળવામાં પણ જુઠણથી બચવાનું છે. (જલભેદ ગ્રંથનો સાર વિચારવો.)

**શ્રીગોકુળનાથજી કૃત ૨૪ વચનામૃતમાં** કલ્યાણભટ્ટને-બાવીસમાં વચનામૃતમાં જણાવે છે... '*ઓર યા પુષ્ટિમાર્ગમેં તો શ્રીઠાકોરજીકી રસોઈ ટહેલ પરમ ઉત્તમ હૈ. જહાં તાંઈ અપનો શરીર ચલે તહાં તાંઈ ઓર કે હાથ રસોઈ ન કરાવે, સેવા શ્રૃંગાર કરાવે પરંતુ રસોઈ તો અપને હાથ સોંઈ કરે. ઓર રસોઈકી અપરસ ન્યારી રાખે. તાકો ઉત્તમ ભગવદીય કહીએ. ઓર શરીર ન ચલે તો, અવશ્ય આય પડે તો ઓર કે હાથ કરાવે. પરંતુ મનમેં તાપ રાખે ઓર રસોઈ કરકે આપહી ખાઈકે ન બેઠી રહે. ક્યોંકિ દોષ લગે. તામે પ્રથમ વૈષ્ણવકો લીવાવે. તા પાછે આપ લેય.* ***♣ઓર વૈષ્ણવકો મુખ્ય કરી દાસભાવ રાખે. ઓર દાસતો તાકો કહીએ જો વૈષ્ણવકી જુઠીન ખાએ ઓર માર્ગકી તો મર્યાદા યહ હે જો શ્રીઠાકોરજી કી તથા શ્રીવલ્લભકુલ કી જુઠીન ખાએ. ઈન બીના ઓર કી ખાએ તો ભ્રષ્ટ હોઈ જાએ.♣***

યા ધર્મ સો ઉપર વૈષ્ણવકી જુઠીન લેવેકી કહી તાકો નિરાકરણ કરત હે. ◆જો
મુખ્ય તો વ્રજભક્તન કો સ્વરૂપ ગાય હે સો ગાય કો પ્રથમ મહાપ્રસાદ
ખિલાવે ઓર વૈષ્ણવકો ખિલાવે, તા પાછે યહ સઘરો મહાપ્રસાદ
વૈષ્ણવકો જુઠીન ભયો.◆ ઓર વૈષ્ણવકી સામર્થ્ય ન હોય તો અપનો કાર્ય
જેસે તેસે ચલાવત હોય તો ગાયકો ભાગ અવશ્ય દે..... ✻સામગ્રી જો લૌકિક
પ્રીતિ તે કાહુકો દેય ઓર લેય તો બહિર્મુખ હોય જાય. ઓર યાકો ધર્મ
જાય. શ્રીઠાકોરજી અંગીકાર ન કરે. તાતે ભગવત્સેવા હે સો ગોપ્ય હે,
સો કાહુ કો જતાવે નહિ. જો સેવા પ્રગટ કરી અપની પ્રતિષ્ઠા બઢાવે
તાકો પાખંડી કહીએ સો તાકી સેવામેં કછુ પુષ્ટિમાર્ગકો ફલ નાહિ ઓર
પાખંડ કરીવેવારે કે હૃદયમેં લૌકિક આવેશ આવે સો લૌકિક આવેશ તે
બહિર્મુખ હોય ઓર સેવામેં પ્રતિબંધ પરે. સો પાખંડકો મૂલ લોભ હે
સો જબ લોભ છુટે તબ પાખંડ ન હોય. ઓર લોભ કે લીયે જગતમેં
પાખંડ કરત હે સો વે પાખંડી હોય તાકો અન્યાશ્રય હોઈ જાય તા કરીકે
લોભ કે વશ તે જ્ઞાન વિવેકકો ફલ જાત રહે ઐસે લોભી પાખંડી કે
હૃદયમેં શ્રીઠાકોરજી કબહુ ન બીરાજે. ✻ તાતે સેવા થોરેહી કરે, યથાસક્તિ
કરે, તાકો કુછ બાધક નહિ.....'

☞ **સંપ્રદાય સારઃ** ◆આનો અર્થ એ થાય છે કે જો પ્રસાદ, પહેલા
ગાયને આપવામાં આવે અને વૈષ્ણવને લેવડાવવામાં આવે તે પછી જે
**તપેલીમાં વધ્યો છે તે પ્રસાદ,** મહાપ્રસાદ-વૈષ્ણવનું જુઠણ કહેવાય (નહિ
કે વૈષ્ણવની થાળીમાં વધેલું કે ખાધેલું કે ખાધેલા હાથમાં રહેલું) માટે
અહીંયા લખ્યું છે, ***તા પાછે યહ સઘરો મહાપ્રસાદ વૈષ્ણવકો જુઠીન***
***ભયો.*** ♣આ જ વાત શ્રીઠાકોરજી અરોગી લે પછી વલ્લભકુળ અરોગી
પછી સમજવી જોઈએ. અહિંયા શ્રીગોકુળનાથજી **સાક્ષાત્ જુઠ**
થાળીમાંથી કે પાતળમાંથી કે ખાધેલા હાથમાંથી લેવાનું કહેતા નથી
શાસ્ત્રમાં પણ પતિ પત્નીનું કે પત્ની પતિનું જુઠણ એક જ વાર લ
વખતે માંહ્યરામાં કંસાર કે કલવો લે ત્યારે છૂટ આપે છે. તો પછી કોઈ
થાળીમાંથી કે હાથમાંથી જૂઠણ લેવાની છૂટ શાસ્ત્ર આપે જ નહિં. મ
**સંપ્રદાયમાં પણ આચાર વિચાર પાળવામાં હોઠને અડકાડીને પાણ**
**દૂધ, ચા, કોફી, દૂધઘર, લીલો મેવો, સુકો મેવો જો લીધો હોય તો**

**હાથ જૂઠણ થાય છે અને તે ધોવામાં આવે છે.*** સેવા કરતા લૌકિકવૃત્તિવાળા - પાખંડી કયારે થઈ જવાય તે સમજાવ્યું છે. **તેવું કરનારને સાથ આપનાર અન્યાશ્રયી થઈ જાય છે.**

અદ્ધરથી પાણી પીવા માટે વૈષ્ણવો અને ગોસ્વામી બાળકો **ઝારી- કરવો- કસેંડી** ઉપયોગમાં લેતા. (વૈષ્ણવો ઝારીથી પાણી પીતા હતા તેનો ઉલ્લેખ નાગજીભટ્ટની વાર્તામાં, સૂરદાસજીની વાર્તામાં અને બીજી વાર્તાઓમાં છે. ગોસ્વામી બાળકોના ચિત્રજીમાં ઝારીનાં દર્શન થાય છે.) ઝારી - કરવા જેવા પાત્ર માટે શાસ્ત્રમાં સમજાવવામાં આવે છે. *દ્વિમુખં શુચિ પાત્રમ્* - **(શ્રીગોપીનાથજી કૃત સાધનદીપિકા શ્લોક - ૬૬)** એટલેકે બે મોઢાવાળું પાત્ર પવિત્ર કહેવાય છે માટે **(ઝારી અને કરવા નો ઉપયોગ થતો હતો)** તેમાં મુકેલું પાણી શાસ્ત્રની દૃષ્ટિએ પવિત્ર ગણાય છે. તેથી સેવામાં હાથ ધોવા (પવિત્ર) - શુદ્ધ કરવા માટેનું પાણી લેવા **'કરવો'** વપરાય છે. ઠાકોરજીને પણ ઝારીજીમાં જ જલ ધરવામાં આવે છે. આ બધા શુદ્ધ આચાર માટેના વિચાર છે.

(**પ્રસંગઃ** એકવાર એક મુખ્યાજીને પૂછ્યું શ્રીઠાકોરજીને ઝારીમાં જલ શા માટે ધરવામાં આવે છે? તેમણે જવાબ આપ્યો, મુસલમાનો સૂરાહીમાંથી દારુ ભરતા હતા તે મહારાજને ઉત્તમ લાગ્યું માટે ઝારી સ્વરૂપે અંગીકાર કરાવી. સંપ્રદાયના **મુખ્યાજીને** શાસ્ત્રની જાણ નથી, શ્રીગોપીનાથજીના ગ્રંથની જાણ નથી આ છે આપણી અજ્ઞાનતા. વિવેક રાખીને વિચારીએ તો ઝારીજી અને જલને સુરાહી - દારુ સાથે સરખાવવાથી બધું જ છોવાઈ જાય છે અને આવી **'ભાવદુષ્ટ' સામગ્રી** શ્રીઠાકોરજી અંગીકાર કરતાં નથી.)

આ વાત થઈ આચાર વિચારની જુઠણ લેવા બાબતની ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ઘણીવાર આવે છે શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીએ પ્રસન્નતાથી પોતે લીધા બાદ સ્વેચ્છાએ અધરામૃતની પાતલ આપી છે. **જેની પાછળ આપશ્રીનો હેતુ એ જ હતો કે સેવક સંસારની માયાને જીતી શકે અને ભગવદ્દાશક્ત થઈ જાય.** (જૂઠણ કે અધરામૃતના નામે ભેટ ભેગી કરવાનો હેતુ ન હોવો જોઈએ.)

# દેવદ્રવ્ય અને તેનો પ્રકાર

આ સમજવા માટે શ્રીમહાપ્રભુજીના સેવક ગોવિંદદાસ ભલ્લાની વાર્તા
જોવી જોઈએ. વાર્તામાં આવે છે તેઓ અતિ આગ્રહ રાખી પરિશ્રમ લઈને
શરીરને કષ્ટ આપીને સેવા કરતા. આ સેવા બીજા સેવકોને નીચાં હલકા
દેખાડવા માટે વધુને વધુ શારીરિક પરિશ્રમ લઈને કરતા. (અપરસ) સ્નાન
કરવા યમુનાજી-મથુરા જતા હતા ત્યાંથી શ્રીનાથજી માટે જલની ગાગર
લાવી-શ્રીગીરીરાજજી ઉપર ચઢાવતા-પાત્રો માંજતા. પછી માળા તિલક
છુપાવી-ચૂટકી માંગવા જતા. પછી જાતે મહેનત કરી-લોટ દળી-સામગ્રી
સિદ્ધ કરી-શ્રીનાથજીનાં ધજાજીને ભોગ ધરી પ્રસાદ લેતા. **આવો અહંકાર
તેમને હતો. આ રીતે કરી અન્ય સેવકોને નીચા પાડવા બધાને કહેતા કે
તમે શ્રીનાથજીનો પ્રસાદ-દેવદ્રવ્ય ખાઈને સેવા કરો છો જ્યારે હું એ
દેવદ્રવ્ય લેતો જ નથી.**

આવી ક્રિયા કરીને ભલ્લાજી, બીજા સેવકોને અને તેમના દ્વારા થતી
સેવાને હલકા પ્રકારની બતાવતા. બધાને ચીડવતા હતા અને અહંકારમ
બોલતા **તમે દેવદ્રવ્ય ખાવ છો, હું મારી સત્તાનું જ લઉં છું.** ભલ્લાજીન
આવી ક્રિયા જે અજ્ઞાનથી અહંકાર યુકત હતી તે શ્રીઠાકોરજીને અપ્રસ
રાખતી હતી. માટે શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી કે **તમાર
સેવક મને ચીડવે છે**-હેરાન કરે છે. શ્રીઠાકોરજીની આ વાત સાંભળી
અડેલથી આપ ગોકુળ તરફ પધાર્યા. રસ્તામાં પોતાના સેવકોને ગામે ગા
સેવા વિશે પૂછતાં અને સાવધાનતાથી સેવા કરવા શિખામણ આપત
હતાં. જ્યારે ગીરિરાજજી ઉપર પધાર્યા ત્યારે દરેકને સેવા પ્રકાર પૂ
શિખામણ આપતા અને કહેતા શ્રીઠાકોરજીને પરિશ્રમ ન થાય અપ્રસન્
ન રહે તે રીતે સેવા કરો.

જ્યારે શ્રીમહાપ્રભુજીએ ભલ્લાજીને પૂછ્યું ત્યારે ભલ્લાજીએ પોતા
સેવા પ્રકાર જણાવ્યો અને કહ્યું હું આ રીતે નિર્વાહ કરું છું. શ્રીમહાપ્રભુજી
તેમને જણાવ્યું **તમે અતિ પરિશ્રમ લઈને સેવા કરો છો અને ચુ
માંગવા જઈ વધારે પરિશ્રમ લઈ રહ્યા છો તેના કરતાં શ્રીજીનો પ્ર
લો.** પ્રત્યુત્તરમાં ભલ્લાજીએ કહ્યું **હું દેવદ્રવ્ય કેવી રીતે ખાઉં?**

શ્રીમહાપ્રભુજીએ કહ્યું એવું હોય તો મારી સેવામાં રહી પ્રસાદ લો. તેના જવાબમાં ભલ્લાજીએ કહ્યું કે **ગુરુદ્રવ્ય કેવી રીતે ખાઉં?**

શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું ***(અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદીસંભવે સેવા ત્યક્તવ્યા)**** આવી અજ્ઞાનતાથી અને અહંકારથી થતી સેવા ઠાકોરજીને ત્રાસરૂપ લાગે તેમાં નવાઈ નથી માટે ભલ્લાજીને કહ્યું તો તમે સેવા છોડી દો. ભલ્લાજીએ અજ્ઞાનતા અને અહંકારના કારણે સેવા છોડી દીધી. પછી મર્યાદા રીતની કેશવરાયજીની સેવા ઠેકા ઉપર (ઈજારા ઉપર અથવા એક હથ્થુ ભોગવટાની શરતો) સાથે રાખી. ત્યાં હાકેમ સાથે ઝગડો થયો, ભલ્લાજીએ - હાકેમને મારી નાંખ્યો - હાકેમના માણસોએ ભલ્લાજીને મારી નાંખ્યા. આ વાત મહાપ્રભુજીને ખબર પડી કોઈ વૈષ્ણવે મહાપ્રભુજીને પૂછ્યું **આવા** (સેવાના આગ્રહવાળા) **વૈષ્ણવની આવી ગતિ** (હત્યા) **કેવી રીતે થઈ?** તેના પ્રત્યુત્તરમાં શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું **તેના પરલોકમાં કોઈ હાનિ નથી થઈ મારી આજ્ઞા ન માની તેથી આમ બન્યું.** (આ વાત વિસ્તારથી ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક ૧૧ માં જોવા મળશે.) **અહીંયા જુદી જુદી અજ્ઞાનતા કારણભૂત છે.** (* આ આજ્ઞાનો સાધન પ્રકરણમ્ શ્લોક ૨૪૭માં ઉલ્લેખ છે.)

## અજ્ઞાનતાનો વિચાર

➤ **(A) ગોવિંદદાસ ભલ્લાની અજ્ઞાનતાઃ** (૧) શ્રીમહાપ્રભુજીએ સેવકોને સમજાવ્યું હતું કે **અહીંયા ગિરિરાજજી ઉપર દેવાલયનો પ્રકાર ભગવદ્ ઈચ્છાથી રાખ્યો છે, માટે** સેવા-ટહેલ કરીને તમે પ્રસાદ લઈ શકો છો તમને બાધ નથી. માટે બધા સેવકો ત્યારે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી સેવા ટહેલ કરીને પ્રસાદ લેતા હતા **(જેની સમજણ ભલ્લાજીને નથી પડી)** (૨) શાસ્ત્ર પ્રમાણે, દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય કોને કહેવાય? ક્યારે કહેવાય? કેવું દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય લેવાય ક્યારે ન લેવાય તેની જાણકારી ભલ્લાજીને નથી. (૩) ભલ્લાજી અતિપરિશ્રમ લઈ સેવા કરતા અને અજ્ઞાનતાને લીધે પ્રસાદને દેવદ્રવ્ય સમજી ખાતા ન હોવાથી તેમનામાં અહંકાર આવી ગયો હતો. (૪) અહંકારને લીધે બીજા દ્વારા થતી સેવામાં ભેદભાવ રાખી તેમની ક્રિયાને ગૌણ અથવા હલ્કી બતાવીને

ઉતારી પાડતા. (૫) અજ્ઞાનતાને લીધે શ્રીમહાપ્રભુજીના વચનો - દેવાલયનો પ્રકાર - દેવાલયનો ભાવ વિગેરે સમજી ન શક્યા.

➤ (B) **આપણી અજ્ઞાનતાઃ** (૧) આપણામાંથી ઘણાંને આજે પણ એવો ભ્રમ છે કે ભલ્લાજીએ શ્રીનાથજીનો પ્રસાદ-દેવદ્રવ્ય ખાવાની ના પાડી માટે અપરાધ પડ્યો અને તેથી હાકેમના માણસોએ તેમની હત્યા કરી. આનો અર્થ **આપણે એવો ઘટાવ્યો કે દેવદ્રવ્ય એટલે મંદિરનો પ્રસાદ ખાવો જ જોઈએ.** જે નથી લેતાં અને બીજાને ખાવાની ના પાડે છે તેને અપરાધ લાગે છે તેઓની હાલત પણ ગોવિંદદાસ ભલ્લા જેવી થવાની છે (૨) શ્રીમહાપ્રભુજીએ જણાવેલ.... ***જગન્નાથે વિઠ્ઠલે ચ શ્રીરંગે વેંકટે તથા*** ....... *(જુઓ પાનું ૨૫ અને ૪૯)* આ બધા સ્થળોએ બ્રહ્મસંબંધી જીવ **ટીકાકારોએ સમજાવ્યા પ્રમાણે** સેવા પ્રસાદનો આગ્રહ રાખે છે તો અન્યાશ્રય કે દેવદ્રવ્યનો દોષ નથી લાગતો. (૩) દેવાલય - દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય શબ્દની જાણકારી સંપૂર્ણ પણે આપણને ન હોવાથી કર્તવ્ય-અકર્તવ્યના કોઈ નિર્ણય પર આપણે આવી શકતા નથી વિગેરે.

➤ (C) **અજ્ઞાનતા નિવારણઃ** સૌ પ્રથમ આપણી અજ્ઞાનતા દૂર કરીએ (૧) ઉપર જણાવેલી વાત **(B-૧) ખોટી પડે છે** કેમકે વાર્તામાં શ્રીમહાપ્રભુજી કહે છે, **તેના પરલોકમાં કોઈ હાનિ નથી થઈ મારી આજ્ઞા ન માની તેથી આવું થયું.** તે વિશે વિચારીએ તો ખબર પડશે કે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે, ભલ્લાજીને **સેવાના ફલ સ્વરૂપ ગોલોક ધામનેજ પ્રાપ્ત થયા છે.** - હત્યા થઈ કેમકે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેથી. (૨) ત્યારે શ્રીગિરીરાજજી ઉપર શ્રીનાથજીનો દેવાલયનો પ્રકાર હતો માટે શ્રીમહાપ્રભુજીએ પ્રસાદની છૂટ મૂકી હતી. જો ત્યાં દેવદ્રવ્ય થતું હોત તો શું શ્રીમહાપ્રભુજી તે લેવાની આજ્ઞા કરે ખરા? ન જ કરે કેમકે, આપશ્રીની જ આજ્ઞા છે, **દેવદ્રવ્ય ખાવાથી અપરાધ પડે છે અને જીવ મહાપતિત થઈ જાય છે.** (૩) શ્રીમહાપ્રભુજી જણાવે છે કે **તેની પરલોકમાં કોઈ હાનિ નથી થઈ.** તેથી સ્પષ્ટ સમજાય છે કે તેમની સેવા શ્રીઠાકોરજીએ સ્વિકારી છે. (૪) શ્રીમહાપ્રભુજી કહે છે મારી સેવામાં રહીને નિર્વાહ કરો અર્થાત્ **ગુરુદ્રવ્યનો દોષ પણ નથી.** (૫) ત્યારે શ્રીગીરીરાજજી ઉપર આપે પધરાવેલા શ્રીનાથજીનો પ્રસાદ - દેવાલયનો

પ્રસાદ હોવાથી લેવાય પરંતુ દેવદ્રવ્ય ન લેવાય, તેવો નિર્ણય શ્રીમહાપ્રભુજીનો સ્પષ્ટ થાય છે. (જુઓ પાનું ૪૯, ૫૦ દેવાલયકી રીતિ....) (૬) શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ જણાવે છે કે અતિપરિશ્રમ કરીને અહંકાર સાથે કરેલી સેવા શ્રીઠાકોરજીને પસંદ નથી, અજ્ઞાનતાને લીધે અહીંયા ફળ મળ્યું પરંતુ પરલોકમાં હાનિ નથી થઈ. **આ ખુલાસો થયો ઉપર જણાવેલી અજ્ઞાનતાનો.**

**☞ આપણે હવે શાસ્ત્ર જણાવે છે તે મુજબ દેવદ્રવ્ય કોને કહેવાય અને દ્રવ્ય કવી રીતે દેવદ્રવ્ય બને છે અને ક્યારે બને છે તે સમજીએ. સૌ પ્રથમ દ્રવ્ય એટલે શું તેનો વિચાર કરીએ.**

**દ્રવ્યઃ** કોઈપણ પદાર્થ કે વસ્તુ, જેનું ઉપાર્જન શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે શાસ્ત્રની મર્યાદામાં રહીને શાસ્ત્રની વિધિ પ્રમાણે કર્યું હોય તો તે પદાર્થ કે વસ્તુ **ઉપાર્જન કરનારની સત્તાનું દ્રવ્ય બને છે.** એ જ રીતે કોઈપણ દાન - ભેટ - દક્ષિણા શાસ્ત્રોક્ત રીતે સ્વીકારે તો તેની સત્તાનું દ્રવ્ય બને છે. **(અસ્વીકારવાથી તેનું દ્રવ્ય બનતું નથી)**

ઉદાહરણ રૂપે સમજીએ, જે નોકરી કરે છે; મહેનત કરે છે-જેને જે કાર્ય કરવા માટે નિયુકત કર્યો છે, તે શાસ્ત્ર કે કાયદાના નિયમોની અંદર રહીને કાર્ય કરે છે અને તેને તે મહેનતનાં મહેનતાણા બદલ જે દ્રવ્ય ચૂકવવામાં આવે છે તે તેનું ઉપાર્જિત દ્રવ્ય કહેવાય. ઉપાર્જનનાં પ્રકારમાં શાસ્ત્રએ માન્ય રાખેલ દાન-ભેટ-વિગેરે પણ આવી જાય. પરંતુ શાસ્ત્ર ચોરીને નિષેધ બતાવે છે માટે જો કોઈ ચોર ચોરી કરી દ્રવ્ય ભેગું કરે છે તો તેના હાથમાં રહેલું દ્રવ્ય તેનું દ્રવ્ય નથી કહેવાતું પણ જેનું છે તેનું જ તે દ્રવ્ય કહેવાય છે કેમકે **ચોરી કરીને ઉપાર્જનનો પ્રકાર શાસ્ત્રની નિષેધાત્મક આજ્ઞાનો છે. તેવી જ રીતે જૂઠુ બોલીને ઉપાર્જન નિષેધ છે.** (જુઓ ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક - ૨૫૧ પ્રસંગ - ૧ માધવદાસ દલાલની)

તેવી જ રીતે દેશનાં હિત માટે સંરક્ષણ ખાતાએ નિયુકત કરેલા માણસો જેને એવો અધિકાર આપેલો હોય છે કે આતંકવાદી કે જે દેશ-વિરોધી કાર્ય કરતો દેખાય તેને ઠાર મારી શકાય. આમ, તેને મારી નાખવા માટે તેઓને પગાર આપવામાં આવે તો તે તેનું દ્રવ્ય છે. પણ જો દેશનો અન્ય નાગરીક, આવા કોઈને મારી નાંખીને પગાર માંગવા જાય તો, તેને

દ્રવ્ય મળતું નથી. ઉપરથી સરકાર તેના ઉપર ગુન્હો દાખલ કરે છે કેમકે તેને તેવું કાર્ય કરવાની કાયદાકીય છૂટ દેશના બંધારણે આપી નથી.

તેવી જ રીતે જો આપણને કોઈ **એ.કે. ૫૬ રાયફલ** ભેટ આપે આપણને તે કામની ન હોવાથી **તેનો અસ્વીકાર કરીએ છીએ તો તે આપણી સત્તાની આપણી નથી બનતી.** પરંતુ તેનો **સ્વીકાર કરવાથી તે આપણી સત્તાની થાય છે.** હવે જો આપણે, આ રાઈફલ બીજાને ભેટ કરીએ છીએ તો તે તેની બને છે. હવે તે વ્યક્તિ લાયસન્સ વગર આ **રાયફલ** રાખે છે તો હિંસક હથિયાર ધારણ કરવાનો ગુનો બને છે, અને તેમાં આપનાર અને લેનાર બંને ગુનેગાર ગણાય છે. જો તેનાથી તેણે ખૂન કર્યું હોય તો ખૂનના ગૂનામાં રાયફલ લેનાર અને પ્રોત્સાહન આપવા માટે **રાયફલ** આપનાર ગુનેગાર બને છે. (આમ લેવાથી સ્વીકારનારનો હકક સાબિત થાય છે તે તેનું દ્રવ્ય બને છે અને નથી સ્વીકારતા તો તેનું દ્રવ્ય બનતું નથી.)

તેવી જ રીતે દેવને અનાજ-ધન-વસ્ત્ર અથવા દેવને ઉપયોગમાં આવે માટે ગાય વિગેરે ભેટ રૂપે દાન રૂપે આપવામાં આવે તો તે દેવ પોતે ઉપયોગમાં લઈ શકે છે માટે **દેવદ્રવ્ય બની જાય છે.** પણ જો **કોઈ કૂતરો-ગધેડો ભેટ આપી જાય જે દેવને ઉપયોગમાં ન આવનારી વસ્તુ હોવાથી (દેવ તે સ્વીકારે નહીં) તેથી દેવદ્રવ્ય નથી બનતી.**

હવે સાક્ષાત ભગવાન પોતે પોતાની વસ્તુ (દેવદ્રવ્ય) છે તે પોતાની ઈચ્છાથી કે પ્રસન્નતાથી બીજાને આપે છે **તો તે લેનાર માટે દેવદ્રવ્યન દોષવાળી નથી બનતી.** આમ દેવાલયના પ્રકારમાં દેવદ્રવ્યનો દો લાગતો નથી. પણ જો, આપણે જાતે દેવની સત્તાવાળી વસ્તુ - દ્રવ્ય પ્રસાદ આપણી ઈચ્છાથી લઈએ છીયે અથવા લઈને બીજાને આપી છીયે તો લેનાર આપનાર બન્ને માટે દેવદ્રવ્ય જ રહે છે, અને એ લેવા દોષ લાગે છે.

આજ વાત (શ્રીનાથજી જ્યારે ગિરિરાજજી ઉપર બિરાજતા હ ત્યારે) **શ્રીનાથજીએ પોતે સેવાના પ્રકાર માટે શ્રીમહાપ્રભુજીને આ કરી હતી અને પોતાની ઈચ્છાથી દેવાલયનો પ્રકાર, રાખી શ્રીમહાપ્રભુજી ઠાકોરજીને પધરાવેલા** અને ત્યાંની આજુબાજુની

જમીન શ્રીમહાપ્રભુજીએ પોતે ખરીદી લીધેલી હોવાથી **દેવદ્રવ્યનો દોષ સેવા કરનારને લાગતો નહોતો.** માટે જ શ્રીમહાપ્રભુજીએ બધાને ત્યાં પ્રસાદ લેવાની છૂટ આપેલી. (આ બધું ભગવદ્ આજ્ઞા અને શાસ્ત્ર આજ્ઞા અનુસાર હતું)

આ મંદિર બનાવવાની ભગવદ્ આજ્ઞા હોવાથી શ્રીમહાપ્રભુજીએ દેવાલયની કક્ષામાં મૂકયુ હોવાથી ત્યાં પ્રસાદ વિગેરે લેવાની છૂટ હતી. તે ૮૪-વૈષ્ણવમાં વાર્તા ૨૪માં પૂરનમલ જેંમલક્ષત્રી અંબાલાનાં પ્રસંગ-૧માં શ્રીમહાપ્રભુજી જણાવે છે *શ્રીઠાકુરજીકી ઈચ્છા યહ હૈ જો જગતમેં પૂજાય બહોત જીવ ઉદ્ધાર કરેંગે । સો દેવાલયકી રીતિ યહાં રાખનો ઉચિત હૈં ।* **(યહાં એટલે શ્રીગિરીરાજજીની ઉપર જ)**

## વિચારણીય મુદ્દાઓ

**વાર્તામાં સ્પષ્ટ આવે છે કે,** (૧) શ્રીમહાપ્રભુજીની ઈચ્છા ન્હોતી પણ શ્રીઠાકોરજીની ઈચ્છા હોવાથી **યહાં** (શ્રીગિરિરાજજી ની ઉપર જ બીજે કયાંય નહિં) **દેવાલયકી રીતિ રાખનો ઉચિત હે** કહ્યું છે. **અર્થાત્ સંપ્રદાયમાં બીજે કયાંય નહીં** એમ સ્પષ્ટ થાય છે. (૨) શ્રીમહાપ્રભુજીએ કે શ્રીગુસાંઈજીએ કે ત્યારપછીના શ્રીપુરૂષોત્તમજી સુધીના તેમના વંશજોએ બીજે કયાંય પણ આવી સેવા રીતિ પ્રગટ નથી કરી. અર્થાત્ મંદિર પ્રણાલિકા નથી બનાવી. (૩) દેવાલયનો પ્રકાર જ્યાં શાસ્ત્રોકત છે ત્યાં, એટલેકે, જગન્નાથજી, પાંડુરંગ વિઠ્ઠલનાથજી, શ્રીરંગ...... વિગેરે જગ્યાએ શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને સંજોગ વશાત જવાનું થાયતો ભગવત્પ્રીત્યર્થે શ્રીમહાપ્રભુજીનો સંબંધ વિચારીને જવું અને તેનો પ્રસાદ લઈ શકાય. અહીંયા દેવદ્રવ્યનો દોષ ન લાગે એમ સમજાવ્યું છે. શ્રીમહાપ્રભુજીએ જણાવેલ.... *જગન્નાથે વિઠ્ઠલે ચ..........* **સાધન પ્રકરણમ્ ॥ ૨૫૫ ॥** (પાના નંબર ૨૫ અને ૪૬ પર સમજાવ્યું છે તે વાંચવું) (૪) શ્રીમહાપ્રભુજીના સેવક કાશીના પુરુષોત્તમ દાસ શેઠ જેઓ તે જમાનામા ૬૦ કરોડ રૂપિયાના આસામી હતા. **કાશી જેવા તીર્થમાં પણ મંદિર બનાવવાનો આગ્રહ શ્રીમહાપ્રભુજીએ કે શ્રીગુસાંઈજીએ કે તેમના**

**વંશજોએ નથી રાખ્યો અને તેમની પાસે ગૃહસેવા જ કરાવી છે.** દામોદરદાસ સંભરવાળા કનોજના દિવાન છે તેમની પાસે પણ **મંદિર** અને શ્રીગુસાંઈજીના સેવકો હતા છતાંય તેમના રાજ્યમાં મંદિર નથી ઉભું **બનાવડાવ્યું નથી.** (૫) અકબર જેવા કેટલાય રાજાઓ શ્રીમહાપ્રભુજીના કર્યું. અને આશકરણ જેવા રાજાએ **ઘરમાં જ સેવા કરી ઠાકોરજીને રીઝવ્યા છે.** (૬) શ્રીનાથજીને **ગિરિરાજજી ઉપર શ્રીમહાપ્રભુજીએ અક્ષય તૃતીયાને દિવસે પાટે પધરાવ્યા** પછી શ્રીરામદાસજી જેઓ શ્રીનાથજીની મુખ્ય સેવા કરતા હતા તે લીલામાં પ્રાપ્ત થયા ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ, શ્રીનાથજીની **સેવા (જેઓને બ્રહ્મસંબંધ નથી)** તેવા 'બંગાળી બ્રાહ્મણોને' સોંપી છે. **(૭) શ્રીમહાપ્રભુજીએ અક્ષય તૃતીયાને દિવસે શ્રીનાથજીને પાટે પધરાવ્યા છતાં પણ આજે દરેક વલ્લભવંશજોને ઘરે, વૈષ્ણવોને ત્યા શ્રીનાથજીનો પાટોત્સવ મહા વદ ૭નો મનાવવામાં આવે છે.** કેમકે ત્યારે તે દિવસે શ્રીનાથજી, પોતાની ઈચ્છાથી (શ્રીગુસાંઈજી પરદેશ પધારેલ છે ત્યારે) **શ્રીગિરિધરજીના ઘરે સતઘરામાં** પધાર્યા અને નૃસિંહજયંતિ સુ બિરાજ્યા બધાં કુટુંબીજનોની **સતઘરામાં માંગી માંગીને** સેવા લીધી **અર્થાત્** સંપ્રદાયમાં જ્યારે **શ્રીઠાકોરજી ગૃહસેવા અંગીકાર કરવા પધા તેનો જ પાટોત્સવ મનાય છે.**

આ ઉપરથી એમ સમજી શકાય કે, **શ્રીમહાપ્રભુજીનો આગ ગૃહસેવાનો હતો પરંતુ ભગવદ્ આજ્ઞાથી, ભગવદ્ પ્રસન્નતાને પ્રાધા આપી દેવાલયનો પ્રકાર શાસ્ત્ર માન્ય હોવાથી - અન્યાશ્રય ન થ હોય ત્યાં શ્રીમહાપ્રભુજીએ દેવાલયની છૂટ આપી છે. માટે ત્યાં પ્રસ લેવામાં દેવદ્રવ્યનો દોષ નથી.**

જ્યારે હાલ નાથદ્વારામાં બિરાજતા શ્રીનાથજી કે અન્ય મંદિરો જ **શ્રીમહાપ્રભુજીની આજ્ઞા ન હોવાથી** શ્રીમહાપ્રભુજીની મેંડ, શાસ્ મર્યાદાનું પાલન થતું ન હોવાથી, ભેટ, દાન, દક્ષિણા.... ઈત્યા શ્રીઠાકોરજીનાં નામે લેવામાં આવતા હોવાથી, ત્યાંના પંખાની હવ કુલરનું ઠંડુ પાણી જેનું બિલ મંદિર ચૂકવે છે. તે બધું જ દેવદ્રવ્ય **દેવદ્રવ્યનો દોષ લાગે છે.** જાય છે અને **તે હવા કે પાણી લેનારને**

નીચેના બે પ્રસંગો, નાથદ્વારામાં બિરાજતા શ્રીનાથજીના, આપણાં સંપ્રદાયમાં લખાયેલા છે. એ જ વાત બતાવી છે કે, અહીંયા બધુ શ્રીનાથજીનું જ છે - જે વલ્લભવંશજ હોવા છતાં તેઓ પણ લઈ શકતા નથી, રાખતા નથી.

**પ્રસંગ - ૧:** પ્રાચીન સમયમાં જ્યારે વિજળીનો વ્યવહાર નહોતો ત્યારે દીવા કે મશાલના પ્રકાશનો ઉપયોગ થતો. ત્યારનાં તિલકાયતશ્રી શ્રીનાથજીની સેવામાં હતા ત્યારે, એક વાર શ્રીનવનીતપ્રિયાજીના નામે હૂંડી આવી (શ્રીનવનીતપ્રિયાજી ત્યારે શ્રીતિલકાયતના પોતાનાં માથે ગૃહસેવામાં બિરાજતા ઠાકોરજી હતા-હાલ રાજસ્થાન સરકારની માલિકીનાં છે) જે ત્યારનાં તિલકાયતશ્રીએ અધિકારીએ આપેલી હૂંડી, શ્રીનાથજીના દીવાના પ્રકાશમાં વાંચી અને કહ્યું આ હૂંડી **શ્રીનવનીતપ્રિયાજીના ખાતામાં જમા કરાવો.** શ્રીનાથજીએ ત્યારે જ તિલકાયતજીને જણાવ્યું કે **મારા દીવાના પ્રકાશમાં વાંચી છે, માટે તે હૂંડી મારી થઈ માટે મારા ખાતામાં જમા કરાવો.**

**પ્રસંગ - ૨:** એક વાર બહારગામથી ગોસ્વામી બાલક ગાડામાં દૂરથી પ્રવાસ કરી નાથદ્વારા પધારતા હતા. રસ્તામાં ગાડા ચલાવનારે કહ્યું કે, મહારાજ! બળદને તરસ લાગી છે નજીકનાં ખેતરમાં કૂવો છે ત્યાં પાણી પીવડાવી લાઉં છું. તેમ જણાવી ગાડું છોડ્યું બળદને કૂવા ઉપર લઈ ગયો પાણી પીવડાવ્યું. મહારાજશ્રી ખેતરમાં ફરતા હતા ત્યાં ખેડૂત આવ્યો તેને આપશ્રીએ પૂછ્યું આ ખેતર તારું છે? તેણે કહ્યું ના મહારાજ! આ ખેતરતો શ્રીનાથજીનું છે. આપશ્રીએ તરત પોતાનાં ગાડીવાનને દ્રવ્ય આપી કહ્યું કે બીજો બળદ ગામમાંથી લઈ આવો આ બળદ શ્રીનાથજીને ભેટ કરી દો. તેણે શ્રીનાથજીના કૂવાનું પાણી પીધું છે તેથી તે શ્રીનાથજીનો થયો, અમારા કામમાં ન લેવાય. પછી બીજો બળદ મંગાવી આપ નાથદ્વાર પધાર્યા.

નાથદ્વારામાં, પ્રાચીન પ્રકાર એવો હતો તિલકાયતશ્રી મોતીમહેલમાં (પોતાના ઘરમાં) અપરસ લઈ સેવામાં પધારતા. પહેલા ગૃહસેવામાં પોતાના માથે બિરાજતા શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં પહોંચી, શ્રીનાથજીની સેવામાં પધારતા ત્યારે હાથ પગ ખાસા કરવા માટેનું જલ

મોતીમહેલમાંથી ખવાસ સાથે આવતુ અને હાથ પગ ખાસા કર્યા પછી શ્રીનાથજીની સેવામાં પધારતા, અર્થાત્ બહારથી આવેલા હાથ પગ ખાસા કરવા તિલકાયતના ઘરનું (મોતીમહેલનું) જલ વપરાતું અને ત્યારબાદ શ્રીનાથજીની સેવામાં ત્યાંના જલથી હાથ ખાસા થતા.

વૈષ્ણવો જે ત્યાં નાથદ્વારામાં ફૂલઘર પાનઘર વિગેરે માં સેવા માટે સ્નાન કે અપરસ કરતા તેઓ શ્રીવિઠ્ઠલનાથજીનાં મંદિરમાં (જે દ્વિતિય ગૃહના તિલકાયતની માલિકીની ગૃહસેવા માટેની હતી) કે બનાસ નદીમાં **વૈષ્ણવો** લેતા. **આ એટલા માટે જ રાખ્યું હતું કે શ્રીનાથજીનું દ્રવ્ય વૈષ્ણવો** **પણ ન લે.** આજ કારણથી શ્રીહરિરાયજી ખિમનોર બિરાજતા અને ત્યાંથી આવીને શ્રીવિઠ્ઠલનાથજીમાં (પોતાના ઘરમાં) અપરસ કરી પછી શ્રીનાથજીની સેવામાં પધારતા પરંતુ **કાળ ક્રમે અજ્ઞાનવશ સાચું માર્ગદર્શન** **ન મળવાથી, લોભ આળસ સ્વાર્થ વિગેરેના આગ્રહથી,** આ બધા સિદ્ધાંત ભૂલાઈ ગયા અથવા જાણી જોઈને ભુલાવી દેવામાં આવ્યા.

દરેક વૈષ્ણવોના ઘરમાં શ્રીઠાકોરજી સાથે સમર્પણનો પ્રકાર છે, જ્યારે મંદિરમાં ભેટનો પ્રકાર હોવાથી તે દેવદ્રવ્ય બને છે. શ્રીઠાકોરજીને ભેટ ધરવાથી દેવદ્રવ્ય થાય છે માટે **વૈષ્ણવોને ત્યાં ગૃહસેવામાં ભેટ** **ધરવાનો પ્રકાર નથી.** જો ધરવી હોય તો વરસમાં બે દિવસ (જન્માષ્ટમીના પલનાની અને દિવાળીની હટડીની) ભેટ ગૃહસેવામાં ધરી શકાય છે. ત દ્રવ્યનો વિનિયોગ ગૌ ગ્રાસમાં થાય તો ઉત્તમ છે. ઘણા શ્રીઠાકોરજીન વસ્ત્રો કે આભૂષણ બનાવવામાં ઉપયોગ કરે છે, તેમાં એક ભય રહેલ છે કે ભવિષ્યમાં તેમના વંશજો, બેધ્યાન પણે તેનો ઉપયોગ પોતાનામ ન કરે તે સાવધાની તેમણે જાળવવાની રહે છે.

**(નોંધઃ મોટા ભાગનાં વૈષ્ણવોને ખબર નથી કે નાથદ્વારામાં હા સેવા પ્રકારનો બધો વહિવટ રાજસ્થાન સરકારનાં હસ્તકે હોવાથ શ્રીનાથજીની બધી ભેટ રાજસ્થાન સરકારના ખાતામાં જમા થાય છે દેશનાં નાગરિકોનાં માટે વપરાય છે.)**

☞ **સારઃ** શ્રીઠાકોરજી સ્વયં સામે પધારીને કે આજ્ઞા કરીને વૈષ્ણવ આપે છે તો તે લેવામાં દેવદ્રવ્યનો દોષ નથી અન્યથાતો રહેવાનો એ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. આમ દેવ નિમીત્તે દેવને ભેટ કરેલ દરેક પદ

કે દ્રવ્ય, દેવદ્રવ્ય બની જાય છે, અને ગુરુને ભેટ કરેલ ગુરુ દ્રવ્ય બની જાય છે. પરંતુ જ્યારે તેઓ પોતાની ઈચ્છાથી-પ્રસન્નતાથી-સ્વાર્થવગર જીવના કલ્યાણ માટે આપે છે ત્યારે તે લેવામાં દોષ નથી પરંતુ પોતાના સ્વાર્થ માટે, અધિકાર કે હક બતાવીને કે સાબિત કરીને કે મનોરથ કરી દ્રવ્ય ભેટ આપીને પ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો દોષ લાગે છે.

☞ **વિચારણીય પ્રસંગઃ** આવી જ વાત જ્યારે અમારા દીક્ષા દાતા તૃતીય પિઠાધીશ્વર પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી અને પૂ.પા.ગો. શ્રીવાગ્ધીશ બાવાની-સત્સંગી વૈષ્ણવ અતુલભાઈ-વર્ષાબેને કરી ત્યારે, અમારી છાતી ગર્વથી ગજ-ગજ ફુલી ગઈ અને **સાક્ષાત શ્રીમહાપ્રભુજીની અસ્મિતાનાં દર્શન થયા.**

(અતુલભાઈ-વર્ષાબેનનાં શબ્દોમાં) 'અમે ત્રણ ચાર વૈષ્ણવો આપશ્રી પાસે થોડા પ્રશ્નો લઈને ગયા હતા. તેમાંનો એક પ્રશ્ન દેવદ્રવ્યનો પણ હતો. **આપશ્રીએ ખાસ ભાર દઈને દ્રઢતા પૂર્વક જણાવ્યું કે, 'હા સાચું છે મંદિરનો પ્રસાદ દેવદ્રવ્ય છે અને તેથી તે પ્રસાદ વૈષ્ણવોથી ન લેવાય.'**

આજ વાત, મંદિરનાં એક ટ્રસ્ટીએ-અધિકારીએ ગુરુદેવને પૂછ્યું ત્યારે આપશ્રીએ તે ટ્રસ્ટીને બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, **'મંદિરનો પ્રસાદ દેવદ્રવ્ય બનતો હોવાથી વૈષ્ણવો તે લઈ શકતા નથી.'** અને તેજ ક્ષણે તે ટ્રસ્ટીએ દ્રઢ નિર્ણય કરી મંદિરનો પ્રસાદ લેવાનો છોડી દીધો. **(ધન્યછે ટ્રસ્ટીની અસ્મિતાને નિષ્ઠાને !)**

## સંપ્રદાય સારગ્રહણઃ દેવદ્રવ્ય માટે

શાસ્ત્ર અને સંપ્રદાય અંતર્ગત આવાજ કાંઈક નિયમ દેવદ્રવ્યનાં છે શ્રીઠાકોરજીના નામ ઉપર લેવાથી શ્રીઠાકોરજીને થયેલી ભેટ, દેવદ્રવ્ય બનતું હોવાથી શ્રીઠાકોરજીની સેવામાં વાપરી શકાય. પણ તેનો પ્રસાદ ગ્રહણ ન કરી શકાય તેવી શાસ્ત્રઆજ્ઞા શ્રીમહાપ્રભુજી એ સમજાવેલી હોવાથી બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ સાવધાનતા રાખવી જોઈએ. વધુ સમજવા માટે અને જાણકારી માટે ....

જુઓ વાર્તા પ્રસંગ (૧) ૮૪ વૈષ્ણવની વાર્તા ક્રમાંક – ૩૬ વાસુદેવદાસ છકડા અને નીજવાર્તા ઘરૂવાર્તા.... *સો કટોરી સોને કી હતી તો દેવદ્રવ્ય હતો....* (જુઓ પાના નંબર ૩૪ ઉપર પ્રસંગ ૧) (૨) ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક – ૧૫૬ બીનકારની જેને સોનાની કટોરી શ્રીનાથજીએ દ્રવ્યનો અતિશય સંકોચ છે માટે આપી છે. પણ દેવદ્રવ્ય હોવાથી લીધી નથી.... **શ્રીગુસાંઈજીએ કહ્યું શ્રીઠાકોરજીએ આપી છે માટે લેવાય,** કેમકે ત્યારે દેવદ્રવ્યનો દોષ ન લાગે બીનકારે ગુરુઆજ્ઞાનું માન રાખવા લીધી અને પછી પાછી ભેટ કરી દીધી છે. આપણે યાદ એટલું જ રાખવાનું છે કે, સંપ્રદાયમાં આપણે બ્રહ્મસંબંધી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી છીયે, ગૃહસેવાનો સેવાધિકાર પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી જ મળે છે, આજ્ઞાતો શ્રીમહાપ્રભુજીની જ અમલમાં મૂકાય અન્યની નહીં.

**અમારી વિનંતીઃ** ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાનું સાહિત્ય 'વ્રજભાષામાં' જે વૈષ્ણવ મિત્ર મંડળ-૧, સાઉથ યશવંત ગંજ, ઈન્દોર ૪૫૨ ૦૦૨ (મ.પ્ર.) તરફથી પ્રકાશિત થયેલું છે • તે વાંચવાનો આગ્રહ રાખીયે. જેનું સંકલન શ્રી દ્વારકાદાસભાઈ પરીખે અતિશ્રમ લઈને બને તેટલું શુદ્ધ શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંત પ્રમાણે પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો પરથી તૈયાર કર્યું છે. **(ન્યોછાવરની જાણકારી માટે હિન્દીમાં પત્રવ્યવહાર કરવો.)**

વ્રજભાષાતો શ્રીઠાકોરજીએ અંગીકાર કરેલી વાણી છે. જેનો આગ્રહ શ્રીમહાપ્રભુજી શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજીએ અને વંશજોએ યદ્યપી પર્યંત રાખ્યો છે. ધીમે ધીમે આપણે ગુજરાતીઓ આ વ્રજભાષા વાંચશું વિચારશું તો આપણને સમજણ પડશે જ તેવો આત્મવિશ્વાસ છે.

આ વાંચવાથી ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં ચરિત્રો આપણામાં ભાવપ્રકાશ સાથે દ્રઢ થશે. **બીજા અન્ય અધૂરા સાહિત્યને આપણે મહત્વ ન આપીયે જે આપણને ગેરમાર્ગે દોરી શકે છે.** (જે આ પુસ્તકો સાથે સરખાવતાં ખ્યાલ આવશે જ)

**- શેષ ભગવદ્ ઈચ્છા**

# નમ્ર વિનંતી

## અમારો મનોરથ

(૧) સંકલન - ૨ની અધરામૃત મહાપ્રસાદી પાતળ તમને પરોસી છે. તમને શું યોગ્ય લાગ્યું, શું અયોગ્ય લાગ્યું? તે અમને પોસ્ટકાર્ડ ઉપર લખીને જણાવશો તો ભવિષ્યમાં તમારા માર્ગદર્શનથી વધુ સારી રીતે સંકલન થઈ શકે. અમારા વાંચકો જ અમારું દર્પણ છે જે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપશે.

(૨) આપ બની શકે તો બીજા દસ વૈષ્ણવોને વંચાવો. બધા સાથે મળીને સત્સંગ કરો અને વિચારો. બધાનો અભિપ્રાય લખી મોકલો. જરૂરત હોય તો બીજી પુસ્તિકાઓ મંગાવો.

(૩) સંકલન ૧ ની જેમ, સંકલન - ૨નું પણ હિન્દીમાં રૂપાંતર થઈ રંહ્યું છે. જો તમારા ધ્યાનમાં હિન્દીભાષી વૈષ્ણવ હોય તો અમને સરનામાની જાણ કરશો.

(૪) વધુ જાણકારીની જરૂર હોય તો શ્રી વ. વિ. સિ. જી. મંડળ, આણંદના કાર્યાલયનો સંપર્ક સાધશો. માર્ગદર્શન કે સત્સંગ માટે કાર્યકર્તાઓ સહર્ષ મદદરૂપ થશે.

(૫) શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત સભર આવી અનેક પાતળો પરોસવાનો અમારો મનોરથછે. સંપ્રદાય અંતર્ગત તમને જે વિષય પર જાણકારી જોઈતી હોય તે જણાવશો.

(૬) શક્ય હોય તો નાના મનોરથી થઈને નિઃશુલ્ક વિતરણાર્થે સેવામાં જોડાઈ જાવ. (રૂ. ૧૦૦ની સામે ૧૩ થી ૧૫ પુસ્તિકા અમે તમને મોકલીશું. ટપાલ ખર્ચ કુરિયર સાથે)

(૭) સંકલન ૩ ની પાતળમાં પૂ.પા.ગો. શ્રીશ્યામ મનોહરજી દ્વારા સંકલિત પુષ્ટિઅસ્મિતા ભાગ - ૧,૨,૩નું **MP3** સીડી અને પુસ્તિકા પરોસવાનો વિચાર છે. જેમાં દયારામભાઈની ગરબીઓ તૈયાર કરેલી છે. જેને નવવિલાસ દરમ્યાન વૈષ્ણવો ગાઈને નાચીને માણી શકે. આ માટે પોસ્ટ કાર્ડ લખીને જે જણાવશે તેની જ નોંધ લઈ મોકલવામાં આવશે.

- શેષ ભગવદ્ ઈચ્છા ✍

# પુષ્ટિઅસ્મિતા જાગૃતિ અભિયાન

## (સંકલન-૨)

પ્રકાશક : શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ
કાર્યાલય : C/o. ચિરાગ લેબોરેટરી,
શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ
આણંદ ૩૮૮ ૦૦૧.
ટેલી. (૦૨૬૯૨) ૨૫૪૦૪૬
ન્યોછાવર : નિઃશુલ્ક વિતરણાર્થે
મૂલ્ય : શ્રીવલ્લભના સ્વમાર્ગીય સિદ્ધાંતોનો હૃદયપૂર્વક સ્વીકાર તથા આચરણ માટે પ્રતિબદ્ધતા
પ્રકાશન વર્ષ : જૂન - ૨૦૦૮
પ્રાપ્તિસ્થાન : રૂબરૂ તથા પોસ્ટ (માત્ર પોસ્ટ કાર્ડ લખો)
આર્થિક સહયોગ : નામ જાહેર કરવા નથી ઈચ્છતા તેવા વૈષ્ણવો.

સંપર્ક : ૦૨૬૯૨-૨૫૪૦૪૬, મો. ૯૮૨૫૮ ૯૮૭૨૦

**Printed Book:** Not Published on a regular bases Posted under Post Office guide clause 2.16

પ્રતિ શ્રી, ______________________________

______________________________

______________________________

______________________________